સુખ ઉપર

# સંશોધન

આ આખું વિવેચન સ્ફૂર્તિ આપનારું છે. નવરાશનો સદુપયોગ કરનાર વાંચકોને તે ઘણું રોચક નિવડશે.

: સંશોધક :


વસંતલાલ કાન્તિલાલ મોરખીયા

બી.એ.

જે જ્ઞાન તૃપ્ત અને નિરંજન છે
તે ખરો સુખી છે.

—યશોવિજય ઉપાધ્યાયજી.

: પ્રકાશક :

સેવંતીલાલ કાન્તિલાલ
ઈશ્વર નિવાસ,
મરીનડ્રાઈવ,
મુંબઈ. ૧

: મુદ્રક :

ફરેદુન રૂસ્તમજી મહેતા,
"સાંજ વર્તમાન પ્રેસ"
એપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઈ—૧.

# સમર્પણ

જેમની વાત્સલ્યભરી પ્રીતથી
જીવન નંદનવન સમું બન્યું છે
તે પરમપૂજ્ય માતપિતાને—

વસંત.

# અનુક્રમાણિકા


| | પૃષ્ઠ |
|---|---|
| સુખ વિષેનું નૈતિક દ્રષ્ટિબિંદુ .... .... .... | ૧ |
| સુખ વિષેનું તાત્વિક દ્રષ્ટિબિંદુ .... .... .... | ૩ |
| સુખ વિષેનું ધાર્મિક દ્રષ્ટિબિંદુ .... .... .... | ૫ |
| સત્યાનુભવનું સુખ .... .... .... | ૭ |
| પ્રેમસાધનામાં સુખ .... .... .... | ૧૩ |
| વીરત્વભરી જીવનસાધનામાં સુખ .... .... .... | ૧૮ |
| શક્તિ તેજ સુખ .... .... .... | ૨૧ |
| વિરલ નિર્ભયતામાં સુખ .... .... .... | ૨૫ |
| સુખનું નિર્માણસ્થળ પરિગ્રહ નેયાતના .... .... | ૨૮ |
| મન અને સુખ .... .... .... | ૩૧ |
| પ્રકૃતિ રહસ્યોનો ઉકેલ અને સુખ .... .... .... | ૩૫ |
| સુખ વિષેનું કલાકારનું દ્રષ્ટિબિંદુ .... .... .... | ૩૯ |
| વાણીના સૌંદર્યમાં સુખ .... .... .... | ૪૧ |
| પ્રજ્ઞા અને સુખ .... .... .... | ૪૪ |
| વિચાર વિકાસ ને સુખ .... .... .... | ૪૭ |
| જ્ઞાનવિલાસ ને સૌંદર્ય સાધનામાં સુખ .... .... | ૫૧ |
| પ્રશમતામાં સુખ .... .... .... | ૫૫ |
| સુખ વિષેનું કેળવણીકારનું દ્રષ્ટિબિંદુ .... .... | ૬૦ |
| ધ્યાન પ્રાપ્ત નિષ્પ્રકમ્પતામાંથી સુખ .... .... | ૬૪ |
| સૈનિકો અને સુખ .... .... .... | ૬૮ |
| આત્મવિચારણામાં સુખ .... .... .... | ૭૩ |
| જીવનોપયોગી આત્મબોધથી સુખ .... .... .... | ૭૭ |
| માનવપ્રકૃતિનો ઉંડો અભ્યાસ ને સુખ .... .... | ૮૦ |

# પ્રાથમિક વક્તવ્ય

મૃચ્છકટિક નાટકમાં ચારૂદત્ત ને ત્યાં શર્વલિક ચોર ચોરી કરવા જાય છે. શર્વલિક વિચાર કરે છે કે હું પૂર્ણકુંભ જેવું, બાળસૂર્ય જેવું કે સ્વસ્તિક જેવું–એવા તે કયા આકારનું ખાતર પાડું કે જેથી પરોઢીયે નગરજનો એ ખાતર જોઇ મારી પ્રસંશા કરે? એક કાળે પ્રાચીન ભારતમાં ચોર લોકો કળાત્મક ખાતર પાડતા તોય તેની પણ કદર થતી. આવો સુંદર લોકસ્વભાવ ગૌરવભરી પ્રાચીન સંસ્કારિતાનો નમૂનો હતો. અને આજે?

બે વર્ષમાં જુદા જુદા પુસ્તકોમાંથી ત્રણ હજાર વિગતો ભેગી કરી હતી. તેમાંથી જે જે વિગતો સુખ વિષય પર નવો પ્રકાશ પાડતી લાગી તેને જુદા જુદા દૃષ્ટિબિંદુઓમાં ગોઠવી અહીં રજુ કરી છે.

# વાંચનની બે પધ્ધતિઓ

ટાગોરની 'Victory' વાર્તામાં અધ્યયનની બે રીત આપી છે. એક રીત છે વાર્તાનાં પાત્ર કવિ પુંડરીકની, બીજી રીત છે વાર્તાના નાયક કવિ શેખરની. કવિ પુંડરીક કોઈ શાસ્ત્રીય સંગીતકાર મધુર સ્વરોને પીંખી નાખે તેમ શબ્દ વ્યુત્પત્તિઓના પ્રમાણોજ ચુંથે છે. તેની દૃષ્ટિ સ્થૂલ છે. જ્ઞાનના સ્થૂલ વિસ્તારને તે વળગી રહે છે. કવિ શેખર નિર્જીવ શબ્દો પાછળનું વિચાર સૌંદર્ય ગ્રહણ કરે છે. "કૃષ્ણ" અને "રાધા" એ વ્યાકરણના શુષ્ક શબ્દોજ તેને મન નથી. વૃંદાવનમાં અદ્ભુત સંગીત જગાડનાર જાદુગર રૂપે "કૃષ્ણ" અને "રાધા" એ બે શબ્દોને ઓળખે છે. શાબ્દિક નિરૂપણ પાછળ જે જ્યોતિર્મય અને ઐશ્વર્યપૂર્ણ સત્યો સંતાયેલા છે, તેને પ્રાપ્ત કરવાની દૃષ્ટિ હોય તોજ આ પુસ્તક જીવંત લાગશે; વાંચનની આ કળા નહિ હોય તો આ પુસ્તક કેવળ ઉતારાઓ અને અવતરણોથી ભરેલું કે મનોસૃષ્ટિના અસંબદ્ધ વિચાર તરંગો રૂપ લાગશે. એક પણ એવા "કવિ શેખર"ના હાથમાં આ પુસ્તક જશે તો આ પુસ્તક કૃતાર્થ થશે.

અગત્ય છે તે જ્ઞાનના સ્થૂલ વિસ્તારની નહિ પણ સમજણના ઉંડાણની. આથીજ જ્યાં સમજણ પરાકાષ્ઠાએ પહોંચી છે તેવા

પ્રજ્ઞાવાન સંતપુરૂષોને આ પુસ્તકમાં વધુ જગ્યા આપી છે. જીવનસાધના દ્વારા સુખ પર જે પ્રકાશ સંતમહાત્માઓએ મેળવ્યો છે તેને સ્પર્શવાની પૂર્વાભિમુખ બારી રૂપ આ પુસ્તક બનો.

## આભાર

પૂજ્ય કાકાસાહેબ કાલેલકર જેવા પવિત્ર અને જ્ઞાની પુરૂષો ખરા અર્થમાં સુખી છે. તેથી 'સુખ' વિષેના આ પુસ્તકની શરૂઆતમાં તેમના આશીર્વચનો અને પ્રસ્તાવના લીધી છે. આવા અત્યંત સમર્થ સાહિત્ય સ્વામિ આ પુસ્તકની પ્રસ્તાવના લખે તે આ પુસ્તકનું અહોભાગ્ય છે. કાકા સાહેબનો અત્યંત આભાર માનું છું.

શ્રી મોહનભાઇ સોપાનનો પ્રેમાળ સહકાર માટે.

ઈશ્વરનિવાસ,
મરીનડ્રાઈવ,
મુંબઈ.
વસંતપંચમી ૨૦૦૭.

વસંતલાલ કાન્તિલાલ

# પ્રસ્તાવના

**આ** છે મારી પ્રસ્તાવના અથવા આશીર્વચન જે ગણો તે. સુખ શબ્દનો મૂળ અર્થ છે--ઇન્દ્રિયોને જે અનુકૂળ છે તે. સંસ્કૃતમાં ख એટલે ઇન્દ્રિય. એને જે અનુકૂળ તે સુખ; એને જે પ્રતિકૂળ તે દુઃખ પણ માણસે સુખદુઃખ બંન્ને શબ્દના ઘણા જ વ્યાપક અર્થ કર્યા છે. અને દરેકનો અર્થ નોખો. જીવનના જેટલા ક્ષેત્રો છે, જેટલા પાસા છે તે બધામાં માણસ સુખ અને દુઃખ જુવે છે.

સુખ અને દુઃખ વિષે બોલવાનો જેમનો અધિકાર છે એવા સેંકડો લોકોને ભેગા કરીને તેમની જુબાની અથવા કેફિયતો ભેગી કરવાનું કામ શ્રી વસંતલાલે કર્યું છે. ઘણા ખરા વચનો અંગ્રેજીમાંથી લીધા હોઇ એનું ગુજરાતી પણ એમણે કરી આપ્યું છે. એ બધું યોગ્ય જ છે. પણ જ્યારે કબીર કે કાલિદાસનાં વચનો

પણ અંગ્રેજીમા આપી તેનું ગુજરાતી કરાય છે ત્યારે કંઈક અડવું લાગે છે. પણ એ આખું વિવેચન સ્ફૂર્તિ આપનારૂં છે. અનેક પ્રકરણોમાં વ્હેંચાયેલું આ વિવેચન વાંચતાં "Self help" "character" વગેરે ચોપડીઓ લખનાર પ્રખ્યાત ડૉ૦ સ્માઈલ્સ (Dr. Smiles)ની શૈલીનું સ્મરણ થાય છે.

•

મહાન વિચારકોના સુંદર વિચારોને એકત્ર ગુંથી આપનાર આ ચોપડી નવરાશનો સદુપયોગ કરનારા વાંચકોને ઘણી રોચક નીવડશે.

આખી ચોપડી વાંચ્યા પછી એને ખાત્રી થશે કે–સુખ એ મેળવવાની વસ્તુ નથી. સુખ કેળવવાનું હોય છે. અને એને માટે જીવન ઉર્ધ્વંગામી અને પુરૂષાર્થી હોવું જોઇએ.

કાકાવાડી,
વર્ધા.
તા૦ ૨૬–૨–૫૧

काका कालेलकर

# સુખ વિષેનું નૈતિક દ્રષ્ટિબિંદુ

સાહિત્યકારો કે કળાકારો, રાજનીતિજ્ઞો કે નીતિચાહકો ને તત્ત્વચિંતકો બધાજ મહાપુરૂષો માનવસુખનું પ્રમાણ વિસ્તૃત કરવા માગે છે. તેઓની પ્રત્યેક જીવનક્રિયા માનવીની સુખસંપત્તિમાં વધારો કરે છે. શંકરાચાર્યે શ્રીનગરના મઠમાં, નરમેધ માટે વપરાતો પત્થર કોશથી ઉંધો વાળી નાંખ્યો અને નરમેધ અટકાવ્યો. કોઈકે શંકરાચાર્યને પૂછયું હોત કે શા માટે તમે શાક્ત લોકોને ઉશ્કેરો છો? તો તેઓ કહેત કે માનવીને સુખી બનાવવા હું અહીં આવ્યો છું. ફ્રેંચ નવલકથાકાર વિકટર હ્યુગોને કોઈકે પૂછયું હોત કે દળણું દળીને જીવતી વૃદ્ધ અપંગ સ્ત્રીને પણ જરૂર પડે તો રોવડાવતી એવી નિષ્ઠુર દુનિયામાં, જીન-વાલ-જીનનું પ્રેમાળપાત્ર તમે કેમ સર્જ્યું? તો તેઓ કહેત કે દુનિયા જીન-વાલ-જીનથી સુખી થશે. લિન્કનને કોઈકે અન્તિમ પળોએ પૂછ્યું હોત કે શા માટે તમારે બુથની

ગોળીએ વીંધાવું પડયું ? તો તેઓ કહેત કે ગુલામો સાથેનો અસમાનતાનો ભાવ ટળાવી, સમગ્ર માનવજાતને ભાઇચારાનું સુખ અપાવવું હતું. એરીસ્ટોટલ જેને Enlightened Selfishness નિસ્વાર્થ સ્વાર્થ–કહે છે તેજ દુનિયાની દૃષ્ટિએ મહાત્માપણું છે ને પૂજનીય છે.

હેલી–ધૂમકેતુની પૂંછડીમાંથી પૃથ્વી એકવાર પસાર થઇ હતી તે શોધનારને દુનિયા ભુલી ગઇ છે. તાજમહાલના સુંદર ઘુમ્મટ ઘડનારને દુનિયા ભુલી ગઇ છે. પણ કોરડાના ફટકાથી બરડો ફાટી ગયો છે ને ઉચકાયેલ ક્રોસના ભારથી જેઓ બેવડા વળી ગયા છે, છતાંય રડતી બુરખાધારી સ્ત્રીઓને જેઓ કહે છે કે, 'મારા માટે ન રડો તમે તમારા માટે રડો' તે દેવવંદિત જિસસને દુનિયા કેમ ભુલશે ?

નીતિની દૃષ્ટિએ આમ સુકૃત્યોની ગુંથણીમાંજ સુખ છે. 'બીજાના મુખપર હાસ્ય લાવે તે સુકૃત્ય' એમ મહમદ પયગમ્બર કહેતા. આવા સુકૃત્યોનું ફળ તેજ ક્ષણે મળી જાય છે. પરલોકમાં તે માટે રાહ જોવી નથી પડતી. જરથુસ્ત્ર આ જ કહે છે. Good deed is a joy and not a duty–સુકૃત્ય તે ફરજ નથી પણ મૂર્તિમંત પ્રસન્નતા છે.

# સુખ વિષેનું તાત્ત્વિક દૃષ્ટિબિંદુ

**પ્ર**ત્યેક ધર્મમાં તત્ત્વવિચારનો હેતુ જીવનશોધન છે. જે તત્ત્વવિચારકને જીવનશોધન સાથે સબંધ નથી તેને અરબી કવિ ખલીલ જિબ્રાન "શબ્દનું ડુગડુગીયું વગાડનાર મદારી" કહે છે. જેમ જેમ જીવનશોધનમાં માનવ પ્રગતિ સાધતો જાય છે, તેમ તેમ તેને યોગી સુલભ સુસ્વસ્થતા પ્રાપ્ત થાય છે. આ સુસ્વસ્થતા એટલે પરાપેક્ષી મોહપ્રવૃત્તિનો અથવા તો ઉત્સુકપણાનો અભાવ. હરિભદ્રસૂરિ 'ધર્મબિંદુ'માં આવી સુસ્વસ્થતાને જ પરમાનંદ કહે છે. सुस्वास्थ्यं च परमानंद इति ।

સંકીર્ણ બુદ્ધિના અનેક ક્ષુદ્ર મતમતાંતરો વચ્ચે, નિર્મળ પ્રજ્ઞાએ પ્રાપ્ત કરેલ આ સત્ય છે કે ઇચ્છાતૃપ્તિમાં સુખ નથી. ઇચ્છાના અભાવમાં સુખ છે.

સોક્રેટિસ આથી જ કહે છે કે "Contentment is natural wealth and luxury is an artificial poverty." અર્થઃ–

સંતોષ એ સહજ સંપત્તિ છે, વૈભવ એ તો કૃત્રિમ દરિદ્રતા છે. ઉમરખય્યામ પણ વૈભવના–ઇચ્છાતૃપ્તિના સુખને સત્ય ગણુતા નથી. તેમની રૂબાયતમાં સાંસારીક આકાંક્ષાઓને તેઓ રણુમાં ઘડી બે ઘડી માટે પ્રકાશી ઉઠતા બરફ જેવી ગણાવે છે.

આ સત્યની કોઇ પણ જાગ્રત વિચારક ઉપેક્ષા કરી શકતો નથી, આથી જ આઇન્સ્ટાઇન જેવા સદીના શ્રેષ્ઠ વૈજ્ઞાનીકને પણ સુખની વ્યાખ્યા આપતાં કહેવું પડયું કે "Do not expect anything from anybody."– કોઇની પાસેથી કશાની કશી પણ અપેક્ષા રાખો નહિ. સિકંદરે પૂછયું કે, 'તારે શું જોઇએ છે?' અને ડાયોજીનીસે જવાબ આપ્યો, કે 'તું આપી શકે તેમાંનું કશુંજ નહિ,' આનંદઘન ગાતા કે પરપરચે ધામધમ સદાઈ નિજપરચે સુખ પાવો, આવો જ ડાયોજીનીસનો જવાબ હતો. સનત્કુમારે નારદને પણ આજ સત્ય બતાવેલ કે नाल्पम् सुखमस्ति જે સુખ છે તે અલ્પમાંથી નહિ મળે. જે भूमौ–Infinite છે–અનંત છે–તેજ સુખ આપશે, વાસનાથી પરિવૃત્ત–વિષયસંલગ્ન ચંચલ ચિત્ત તે अल्प. જે સર્વથા સ્વાપેક્ષી છે તે भूमौ–Infinite–અનંત છે. સુસ્વસ્થતા જ્યાં છે ત્યાં भूमौ છે–અનંત છે. ત્યાં જ તાત્વિકદૃષ્ટિએ સુખ છે.

# સુખ વિષેનું ધાર્મિક દૃષ્ટિબિંદુ

ધાર્મિક દૃષ્ટિએ દુઃખનું કારણ વાસના છે. આ વાસનાને વિવેકથી નિર્મળ કરી એવી સુક્ષ્મ બનાવી દેવાય કે શ્રી મશરૂવાલા લખે છે તેમ "જેમ સુક્ષ્મ અંજન આંખને ખૂંચતું નથી અને સુક્ષ્મપરાગ વાતાવરણને બગાડતો નથી, તેમ આવી વિવેકથી શુદ્ધ થયેલ સુક્ષ્મ વાસના, ચિત્તને દુઃખકારી થતી નથી." નોબેલ પ્રાઇઝ વિજેતા મી૰ ઇ. ઓ. લોરેન્સે, પરમાણુનું અભેદ્ય ગણાતું ન્યુકલીયસ–મધ્યબિંદુ–તોડવામાંજ જીવન વ્યતીત કર્યું. નોબેલ પ્રાઇઝ વિજેતા બ્યૂટેનાન્ડટે, જીવનભર માત્ર Sex horomones નુંજ સંશોધન કર્યું. તેઓને મન ઇંદ્રિયોને બ્હેકાવનાર વિષયપ્રવૃત્તિ કરતાં આ શુષ્ક મનાતાં વૈજ્ઞાનીક સત્યો વધુ ચિત્તાકર્ષક લાગ્યાં. તેનું કારણ એ કે વાસનાઓ ત્યાં Sublimate થઇ હતી–વાસનાઓ ત્યાં જીવનમાં વેગપૂરનાર કોઇ શકિતમાં રૂપાંતર પામી હતી.

આ વાસનાઓ વિવેકથી કેવી રીતે નિર્મળ થાય તે જોઇએ. સંગીતની આજની લોક રૂચિ વિશેષપણે અશ્લીલભાવોને બેસુરપણે વ્યકત કરવામાં છે. તે સંગીતની રૂચિને–વાસનાને–વિવેકથી નિર્મળ કરી એવી સુસંસ્કૃત કેમ ન કરાય કે નાના મોટા સર્વ સંગીત પ્રેમીઓ ફ્રેન્ચ લેખક રોમારોલાં જેમ કહી શકે કે, "સંગીતના પાથેય વિના જીવનમાર્ગે પ્રયાણ કરવું મારા માટે અસંભવિત છે. સંગીત મને આહારથી ઓછું જરૂરી નથી લાગતું." શા માટે ચિત્રશોખની વાસના વિવેકથી એટલી પરિશુદ્ધ ન થાય કે જેથી સુંદરીઓના લાલિત્યભર્યાં અંગભંગોનું વિકૃતદર્શન કરવું મુકી દઇ, જગવિખ્યાત ચિત્રકારો ડાવિન્સી કે રાફેલના ચિત્રો લાસ્ટ સપર કે ટ્રાન્સ્ ફીગરેશનમાંથી–રંગમાં ઠરેલ સંગીત જેવાં એ ચિત્રો-માંથી–અગમ્યનો પડછાયો શોધવા તત્પર ન થઇએ? આવી રીતે પ્રત્યેક વાસનાનું સાત્વિકગુણમાં રૂપાંતર શકય છે ને તેજ ધાર્મિક દૃષ્ટિએ સુખનો માર્ગ છે.

# સત્યાનુભવનું સુખ

**સ**ર્વ ધર્મોમાં જો કોઇ સમાન તત્વ હોય તો તે અધ્યાત્મિકતા છે. એમર્સન તે તત્વને 'The relation of soul to God'–સત્યનો અનુભવ કહે છે. ભગવાન બુદ્ધે જંબુનાદના લગ્નમાં આમજ કહેલ કે 'તમે સંસારીજનો, બે પ્રેમીઓના હૃદયબંધમાં શ્રેષ્ઠ સુખ કલ્પો છો પણ તેથી યે અનેક ઘણું ઉત્કૃષ્ટ સુખ હયાત છે. તે સુખ હું તમને જણાવું છું. "It is in the embrace of Truth. Be married unto Truth. Let none of you be single. Live with truth in holy wedlock. અર્થ "તમે કોઇ એકલા ન રહો. સત્યને જીવનસંગાથી બનાવો ને તેનો ઉપભોગ કરો." આમ સત્ય સાથે આત્મ–ઐકયનો સનાતન સબંધ સ્વીકારવાનું બુદ્ધ જણાવે છે ને તેમાંજ સુખ મનાવે છે. જેનો પ્રીતમ સત્ય છે તે સંત. સંતપણું તે બીજું કશુંજ નથી પણ સત્યની મહોબત–સાચી

મહોબત છે–સત્યનું દર્શન ને સત્યનો અનુભવ છે. આથી જ સંતમહાત્માઓનો આનંદ, અનુભવનો–સત્યના અનુભવનો–આનંદ છે. સત્યથી જ સંતોની સૃષ્ટિ જ્યોતિર્મયી ને ઐશ્વર્યપૂર્ણ બને છે.

કબીરનું જીવન જુઓ. તે ગાય છે *("The gates of sky are opened. The temple is revealed: I meet my husband and offer my body and mind at his feet.) "આકાશનાં દ્વાર ખુલી ગયાં છે. મંદિર દર્શન સુલભ થયું છે. હું મારા પતિને મળી છું ને મારા શરીર મનનું તેના ચરણમાં નૈવેદ્ય ધરૂં છું," અવિનશ્વર એવું સત્યજ કબીરનો પતિ હતો. નર્મદાતીરે ધ્યાનસ્થ ભૃગુને કૃષ્ણે કહેલ કે "હું કૃષ્ણ તને મળવા આવેલ છું." ત્યારે ધ્યાનતંદ્રામાંજ ભૃગુ બોલેલ કે "આ કોણ મૂર્ખ છે; જે દર્શન અને દ્દષ્ટાનો ભેદ બતાવે છે?" સત્ય સાથેનું આ કેવું અભેદ્ય ઐક્ય! આનંદઘનજીએ જ્યારે ગાયું કે "આનંદઘન પ્રભુ પરચો પાયો, ઉતર ગયો દિલ ભેખા;" ત્યારે, આ સત્યાનુભવથી તેઓ કૃતાર્થ થઇ ગયા હતા. થોમસ એકવીનાસને નેપલ્સમાં કાંઇક આવોજ ગૂઢાનુભવ પ્રાપ્ત થયેલ ને સત્યનો અખંડ, નિષ્પાપ ઉપભોગ કરેલ હતો.

શા માટે સત્ય સાથેજ જીવનનો અવિચ્છેદ્ય સબંધ જોડવો? અસત્ય સાથે કેમ નહિ? શા માટે સર્વધર્મોએ સત્યની પ્રધાનતા

---

* Kabir's poems, translated by Tagore.

સ્તવી? આનું કારણ કવિ ગોઅેથ આપે છે. તે કહે છે 'Out of falsehood nothing evolves; on the contrary it involves us.' અર્થ: અસત્યથી ઉત્ક્રાન્તિ નહિ પતન થાય છે. દેવચંદ્રજીના શબ્દોમાં કહીએ તો 'અસત્યની પ્રીતિ વિષભરી છે, જ્યારે સત્યની નિર્વિષ છે.' આથીજ માત્ર સ્વપ્નસેવીઓ કદાચ અસત્યના મોહમાં ખરડાયાં હશે પણ સ્વપ્નશિલ્પીઓએ તો સત્યનેજ હૃદય આપ્યું છે. ખલિલ જિબ્રાન લખે છે કે "Awakening is my deeper dream." જાગ્રતિ તે યુગયુગ જુનું, અંતરના ઉંડાણે વસતું સ્વપ્ન છે. ઘરડી અવસ્થા માત્ર વર્ષો પસાર કરવાથી જ નથી આવતી પણ તે તો જીવનધ્યેયથી વિમુખ થવાથી, (by deserting an ideal) આવે છે. જ્યાં સુધી દરેક હૃદયને પોતપોતાનું સ્વપ્ન છે ત્યાં સુધી કોઇપણ શયતાની શક્તિ, પલંખક લખે છે તેમ, તેને તોડી શક્તી નથી. "No heart is ever broken so long as it has its dream! સત્યનું સ્વપ્ન જ્યાં છે તે હૃદય ને, આમ વિદિર્ણ થઇ, આર્તસ્વરનું દીન આક્રંદન કરવાનું પછી રહેતું નથી. સ્વાતંત્ર્યનું સુખ તેને ઘેરી વળે છે. વિજય પરાજયથી તે સ્વતંત્ર છે.

સર્વદેશકાલે સત્યનો અનુભવ કોક ને કોક પ્રાપ્ત કરતું આવ્યું જ છે. પણ એ બધાના સત્યાનુભવનો લગ્નમાંડવો, અનુભવ ઘરમાં જ સજાંયો છે. આથી જ આનંદઘનજી અનુભવને 'દાસી,' 'મિત્ર,'

'હેતુ,' રૂપે સંબોધી કહેતા, 'અનુભવ પ્રીતમ કયું ન મનાંસી.' ટાગોરે લખેલ અધ્યાત્મરૂપક કથા "અંધારા મહેલનો રાજા"માં દાસી સુરંગમાં રાણી સુદર્શનાને કહે છે, "You can meet others in lighted rooms but it is only in this dark chamber that you can meet your Lord.' અર્થ: "બીજાઓને તું પ્રકાશથી વ્યાપ્ત ખંડોમાં મળી શકશે પણ તારા સ્વામીને તો તું અંધારા ખંડમાંજ મળી શકીશ." આનો અર્થ પણ અનુભવનું મહત્વ બતાવવાનો જ છે. કેવળ બુદ્ધિનો પ્રકાશ આંખ આંધળી કરી દે છે. તેથી અનુભવના અંધારા ખંડમાં જ મિલન શકય છે. મેરિસ મેટરલિંક પણ બુદ્ધિથી સત્યના નિર્ણય કરવાની ક્રિયાને (blasphemy) ધર્મદ્રોહ કહે છે. તે લખે છે. "A silence free of thoughts is alone worthy of Him: અર્થ બુદ્ધિથી પારનું નિગૂઢ મૌન જ ઇશ્વરના પરિચયનું અધિકારી છે. પણ મોટે ભાગે સત્ય અનુભવ બુદ્ધિદ્વારાજ શુષ્ક તત્ત્વચર્ચાઓથી કરવાનો પ્રયત્ન થાય છે. આથીજ બટુકને ઉમા રડી રડીને કહે છે કે, 'પિનાકીનને યથાર્થરૂપે જાણનાર કોઇ છે જ નહિ." સત્ય બુદ્ધિથી નહિ હૃદયથી પ્રાપ્ત થાય છે. વસ્તુનું સાચું માપ લેવા ત્રાજવું સમ અને નિર્દોષ જોઇએ, તેમ સત્ય મેળવવા હૃદય પણ સમ ને નિર્દોષ જોઇએ.

---

૧ The King of Darkchamber.

૨ કુમાર સંભવમાં.

સત્યનું જે સૌંદર્ય છે તે અનુભવના સુખને વધારી મુકે છે, પણ આ સૌંદર્યથી તદ્દન વિલક્ષણ–જુદા જ પ્રકારનું છે. આપણી વિચારસરણીમાં તો પ્રીતમનું આકર્ષણ તેની સર્વોચ્ચ સુંદરતામાં છે. જે સુંદર ન હોય તે કદાપિ પ્રિય ન હોઇ શકે; એમ આપણે માનીએ છીએ, પણ આ વિચારસરણીને સંસારની મલિનતાના થર બાઝયા છે. તેથી જ તેની સુંદરતાની કલ્પના, સુકુમારતા સુધીજ પહોંચે છે. સત્ય આ અર્થમાં સુંદર નથી. તે મનોહર નથી. ભયાનક છે. છતાંય સુંદર–અપ્રતિમ સુંદર–છે. સુરંગમાં સુદર્શનાને આ જ કહે છે કે "ના રાણી, રાજા સુંદર નથી. તે સુંદર છે એમ કહેવું તે તેના માટેનું તુચ્છમાં તુચ્છ વર્ણન છે. તે સુંદર નથી તેથીજ તે આવો શ્રેષ્ઠ, અદ્દભૂત, ચમત્કારીક છે. "*No my Queen! The king is not handsome. To say he is handsome is to say far too little about him; and it is because he is not handsome that he is so superb miraculous, so wonderful." અસુંદરતાયે સર્વોચ્ચ આકર્ષણ ધરાવી શકે; તે અદ્દભૂત સત્ય આપણી ટુંકી વિચારસરણી શું ગ્રહી શકશે? વિચારવાણીની પાર જેઓ જીવનનો તાગ પામ્યા છે તે એ સત્યના સૌંદર્યનો આનંદ મેળવી શકશે. ભાષાભાવનું વિશાળ અંતર સત્યને વિખુટું પાડી રહ્યું છે. ભક્ત

---

*From Tagore's King of Darkchamber.

કમાલે દાદૂને કહ્યું કે 'જેમ જેમ વ્યાકૂલતા પ્રકટશે તેમ તેમ માર્ગ પ્રકટ થતો જશે.' એજ સત્યાનુભવનો એક માત્ર ઉપાય રહ્યો. સત્ય કેવું છે–કેવું નથી, તે વિષે સંપૂર્ણ અનિશ્ચીતતા પ્રવાસના પારંભમાં છે. નિશ્ચિત માત્ર એટલું જ છે કે સત્ય અનુભવનું સુખ, આપણા સુખ કરતાં અનંતકોટિગણું વિશેષ, નિર્મળ ને મનોહર છે. હરિભદ્રસુરિ સિદ્ધાષ્ટકમાં તે સુખને વર્ણવતાં લખે છે તેમ તે સુખ "સ્વાધીન, વિષય–આકાંક્ષા રહિત, પ્રતિક્રિયા વિનાનું, સ્વાભાવિક નિત્ય ને ભયરહિત છે."

# પ્રેમ સાધનામાં સુખ

**સ**ર્વ સંતોની પ્રેમસાધનામાં, પ્રેમજ પ્રેમનું લક્ષ્ય રહ્યું છે. બાઉલ સંત ગંગાદાસ કહે છે તેમ 'પ્રેમીની ભુખ ને તરસ' પ્રેમજ છે. કબીર કહે છે કે 'અનજાનેકો સ્રરગ નરક હૈ હરિજાનેકો નાહિં.' મુસ્લીમ સ્ત્રી સંત રબૈયા કહે છે કે 'હે પ્રભુ! મેં તમને સ્વર્ગની ઇચ્છાથી પૂજ્યા હોય તો સ્વર્ગ મારે હરામ છે ને નરકની ઇચ્છાથી પૂજ્યા હોય તો નરકજ મારી ગતિ થાવ.' આમ સ્વર્ગનરકની ઇચ્છાથી નહિ પણ કેવળ પિયુના સહજ આકર્ષણથી પરાભાવ પામી સંતોએ પ્રેમ સાધના ટકાવી છે. બાઉલો આ નિર્હેતુક પ્રેમને પ્રેમાન્તિકતા કહે છે. આવી પ્રેમાન્તિકતા જ્યાં છે તેવી પ્રેમસાધનામાં સુખ છે.

કોઇક રબારી, લીલાછમ ડુંગર પર વાંસળી વગાડતો હોય, તે દ્રશ્ય જેટલી જ પ્રેમસાધના સુંદર છે. કારણ તે પ્રેમસાધના રસિક સંયમ રૂપે છે. આપણો સંયમ, ધૂમકેતુ લખે છે, તેમ

વાણિયાની ત્રાજવા પર રહેલ દૃષ્ટિ જેવો કે વૈયાકરણી કવિતા વાંચે, તેવો શુષ્ક છે. પણ એ પ્રેમસાધનાનો સંયમ તો ખૂબજ રસિક છે. દેખીતી રીતે એમ લાગે કે માત્ર આંસુ સારવા પુરતી પ્રેમ-સાધનામાં સંયમ જેવું છે જ શું? પણ spiritual discipline,-સંયમ વિના, પ્રિયતમ કેવળ શાબ્દિક ચિત્રામણ રૂપ જ બની જાય છે. કવિ વિદ્યાપતિને આથીજ ગાવું પડયું કે 'તપોબન બસથી મહેશ ભૈરવ કરથિ કલેસ.' કે મહેશ તપોવનમાં વસે છે; ભયંકર તપ કરે છે કે મહેશ જ તપ સ્વરૂપ છે.

તુલસીદાસ પણ ગાય છે કે "तपबल रचैव तपश्चविधाता तपबल विष्णुजगत्राता"–તપબળ જ વિષ્ણુરૂપ જગત્રાતા છે. મહાવીર પ્રભુએ દૈવી કૃપાનો આધાર શોધવાનું છોડી દઇ, સ્વયંપુરૂષાર્થનો આદેશ આપી કહ્યું 'संजमम्मिय वीरियं–સંયમમાં પરાક્રમ કરો, ભૃગુએ વારૂણીને આજ કહેલ કે તપથી બ્રહ્મને મેળવ. રામકૃષ્ણ પરમહંસ કહેતા કે કાગડાએ કરડેલ કેરી દેવને ન ધરાય તેમ વિષય વાસનાવાળું મન દેવને ન અર્પાય. આમ સર્વ સાધકોએ એ સ્વીકાર્યું કે ઇશ્વર-પ્રેમનો અધિકાર સંયમથી મળે છે. સંયમતપજ પ્રેમ સાધનાનું બાહ્ય ખોળીયું છે, જો કે તેનો આત્મા રસિકતા છે. શાથી તેઓના સંયમ–તપ રસિક છે? અખાએ અખેગીતામાં લખેલ કે બ્રહ્મસેવામાંથી ઉદભવતો અભિનવ આનંદ તેઓ સંયમમાંથી મેળવી શકયા હતા તેવો આનંદ ઉગ્ર નિયમવ્રતોમાંથી

પ્રાપ્ત કરવાનું રહસ્ય તેમને મળી ચુકયું હતું. આત્મરતિભાવ, પ્રેમસાધનાના ઓઠા હેઠળ સર્વાંગપુષ્ટ થતો ગયો. તેથીજ તેમનો સંયમ રસિક બન્યો. કાશીએથી ગુરૂ બ્રહ્માનંદ પાસેથી અખાએ જે 'આતમની સુઝ' મેળવેલ તે સૂઝ, સર્વ પ્રેમસાધનામાં રસિકતા લાવી દે છે. પ્રેમસાધના ખરી રીતે તો આત્મઉપાસનાજ છે. પણ એ આત્મઉપાસના, રહસ્યવાદના જોર હેઠળ સ્ત્રીપુરૂષના રૂપમાંજ વ્યક્ત થઇ. આથીજ રાધા તે ભક્ત કવિની કલ્પના છે; નહિ તો મહાભારતના પરિશિષ્ટપર્વમાં કે બ્રહ્મ વાયુપુરાણમાં તેનો ઉલ્લેખ કેમ ન હોત?

આવી પ્રેમસાધનાનું ફળ પિયુનો સહવાસ છે. તેથીજ તે સંતો એકાંત પર બહુ ભાર મુકે છે. સંત દાદૂએ અકબરના આમંત્રણનો જવાબ વાળતાં કહ્યું કે "અમે તો નિર્જન વનના જીવ, મળવા આવવું હોય તો ઐશ્વર્યભરી નગરી છોડી મારા સહજ વાતાવરણમાં મળો." આથીજ તો સાધુ આનંદઘન, કફની અને તંબુરો લઇ સુનકારભર્યાં ગિરિવનોમાં ભટકતા હશે. ગુરૂને પણ આ એકાંતમાં પ્રવેશવાનો અધિકાર, કબીર આપતા નથી. તેઓ ગાય છે, "કબીર હદકા ગુરૂ મિલે બેહદકા ગુરૂ નાહિ; બેહદ આપે ઉપજે અનુભવ કે ઘરમાંહિ." અનુભવ ઘરના એકાંતનિવાસીને જ બેહદ મળશે.

સંતોનો આવો એકાંતપ્રવાસ, અનેક અનુભવ પુષ્પોથી સુવાસિત છે. જુલિયસ વર્નની વાતના નાયક કેપ્ટન નેમોને, પાપુઆ ટાપુના માણસખાઉ લોકોથી માંડીને, સિલોન પાસે થતાં નાળિયેર જેવાં મોતીનો અનુભવ, સમુદ્રપ્રવાસમાં થયેલ. બાહ્ય શું કે અંતર, પ્રત્યેક પ્રવાસમાં અનુભવોનો પાર નથી. છતાં આંતર પ્રવાસના અનુભવો ઇતિહાસમાં અજ્ઞાત જ રહ્યા છે. કારણ ક્ષિતિમોહન સેન લખે છે તેમ, ખ્ડેળાના કાદવમા હોય ત્યાંસુધી સાધના-નોકા ચીલો મુકી જાય છે–જેનો ઇતિહાસ રચી શકાય, પણ સાધના–નોકા જ્યારે અગાધ જળમાં સઢ ચઢાવે છે, પછી તો કશી જ વિગતો જળ પર લખાયેલ રહેતી નથી. તે યાત્રા તો અગમ્ય–અલખ તત્ત્વ રૂપે જ લેખાય.

છતાંય સંતોની સાધનાના રહસ્યોની છાયા, તેમના અંતરોદ્ગારમાં થોડે ઘણે અંશે સમાઇ રહી છે. કળા એટલે ધૂમકેતુ લખે છે તેમ 'વ્યક્તિએ પોતાની જાતને પ્રગટ કરવા શોધેલ માર્ગ' લઇએ તો તે પદો પૂર્ણરૂપે કલાત્મક છે. સંતોના વિષાદ સાગરમાંથી આજે ય મંજુલગીતની આનંદભરી સુરાવલિ આદર્શ શ્રોતાને સંભળાય છે, પણ આપણે શું આદર્શ શ્રોતા છીએ? આપણે તો શબ્દોનો ઉપયોગ વિચાર વ્યકત કરવાને બદલે, વિચાર છુપાવવામાંજ કરતા આવ્યા છીએ. તેથી જયદેવ જેવાની 'કોમળ કાન્ત મધુર પદાવલિ' પાછળનું રહસ્ય સંગીત કેમ પામીશું? શબ્દ

સંખ્યાના મોહમાંથી છુટી શબ્દ શુદ્ધિ તરફ જઇશું ત્યારે જ કાંઇક તે પદોનું સૌંદર્ય પામશું. ત્યારે જ પદોદ્વારા આત્માના મૂળભૂત સ્વભાવની વિચારણા કરી શકશું. નહિ તો તો માત્ર તે લખનારની પ્રતિભાના પૃથક્કરણમાં કે મૌનના પ્રશ્નો ઉકેલવામાં પડશું. એ તો જિબ્રાન લખે છે'તેમ પ્રભાતનું સંગીત છોડી ચ્હાના કપ–રકાબીના ખડખડાટ તરફ જવા' જેવું છે.

પ્રેમસાધનામાં બુદ્ધિનું સ્થાન ગૌણ છે. જેમ યુદ્ધમાં છે તેમ. યુદ્ધમાં કોઇ તોપના ગોળા બરાબર ઘાટીલા છે કે નહિ અથવા તો વ્યૂહરચનાનો નકશો–picturesque–કળાત્મક છે કે નહિ તે પૂછવા નથી બેસતું. તેમ પ્રેમસાધનામાંય, બુદ્ધિદ્વારા આંતરસૌંદર્યને કોઇ તર્કશુદ્ધ નથી કરતું, માત્ર અંતઃપ્રેરણાથી ગતિ આપે છે. 'સુહીણી મેહારની' સિંધી લોકકથાને, સુફિશ્રેષ્ઠ અબ્દુલ લતીફ, તર્કશુદ્ધ કરવા નતા બેઠા. તેમણે તો સુહીણીરૂપ–જીવાત્માનું–મેહાર રૂપ–પરમાત્મા–તરફનું જે સહજ આકર્ષણ હતું તેને ગતિ આપી પણ તર્કશુદ્ધ ન કર્યું. પાર્વતીયે શંકરને કહેલ કે 'તમે નર્તકવેષ ધારણ કરી ડમરૂ બજાવો.' પ્રેમસાધક આ સત્યને તર્કશુદ્ધ નહિ કરે. શરદના મલ્લિકાપુષ્પો વચ્ચે યોગેશ્વર ને યોગમાયાનો વિલાસભાવ વિસ્તરે છે તેનું સૌંદર્ય ગતિમાન કરશે. તનરૂપી બારી બંધ કરી મનના દરવાજા ખોલવાથીજ, પ્રેમસાધનાના સૌંદર્યને પ્રાપ્ત કરશું.

# વીરત્વ ભરી જીવન સાધનામાં સુખ

બર્નાર્ડ શૉ કહે છે કે
' The secret of happiness is—Being used up for a purpose recognized by yourself as a mighty one.' અર્થ–કોઇ મહાન હેતુ માટેની વીરત્વભરી જીવન સાધનામાં જ સુખનું રહસ્ય છે.

જયકૃષ્ણ ઇંદ્રજીએ મામૂલી ગણાતી વનસ્પતિના નમૂનાઓ માટે જીવન વાપર્યું. હેમચંદ્રાચાર્યે સિદ્ધહેમ વ્યાકરણ માટે ઇકારાંત–અકારાન્ત શબ્દો મેળવવા અવિરત પ્રાણશક્તિનો ઉપયોગ કર્યો. આ વસ્તુ શોખીન યુવાનોના નિર્વીર્ય આત્માને કેવળ નીરસ સંયમ રૂપે જ લાગે. પણ આવી અવિભક્ત ધ્યેયનિષ્ઠામાંજ સુખ શોધવું ઘટે. વૈજ્ઞાનીકો પણ સુખનું આ રહસ્યજ સ્વીકારે છે. વટાણાથી પણ અર્ધા ભાગનું એક ડેસીગ્રામ રેડિયમ શોધવા માટે, મેડમ ક્યુરી, માંદા પતિ અને દારૂણ ગરીબી ને ભૂલી જઇ, ચારચાર વર્ષ સુધી છાપરા

વિનાના ઢોરોના વાડામાં, હજારો ટન આયર્ન ઓર ઉકાળે છે. બુકબાઇન્ડર ફેરાડે, વિદ્યુતના ક્ષેત્રમાં, જુની કઢાઇઓ અને તુટેલ રકાબીઓ મેળવી મધરાતના ગમે તેમ વખત મેળવી પ્રયોગો કરે છે. આનું કારણ એજ છે કે સિદ્ધિ માટે કશાથી પણ ન ડગવાના તપમાં-અખંડ સાધનામાં સુખ માનેલ હતું. આથી વૈજ્ઞાનીકોની સુખની ફિલ્સુફી બર્નાર્ડ શૉ સાથે સમંત છે. ફિલસુફો પણ શૉની ઉપર કહેલ સુખની વ્યાખ્યાને વધાવી લે છે. જુઓ આપણા રમણ મહર્ષિ! પથાલાલિંગમના અંધારાં ભોંયરામાંથી પ્રથમ મળી આવ્યા ત્યારે, કીડી મંકોડાએ તેમની જાંઘો ફોલી ખાધી હતી, ને તે જખ્મોમાંથી આવતા લોહી પરૂથી, આજુબાજુની જમીન ખરડાઇ ગઇ હતી. દક્ષિણેશ્વરની કાળી માતા પાસે આપણા રામકૃષ્ણ પરમહંસ એટલા તો વ્યાકૂલ થઇ જતા કે તેમના ચક્ષુ અને મોંમાંથી લોહી નીકળવા માંડેલ ને છ મહિના તેઓ બેભાન-મહાભાવ-અવસ્થામાં રહેલ. આવા સંત પુરુષોએ પોતાના 'અપરોક્ષ સાહબ' માટે માત્ર દેહસમર્પણજ નથી કર્યું પણ જૈન મર્મી આનંદઘન લખે છે તેમ 'કપટ રહિત આત્મ અરપણા' કરી છે.

આ સંત પુરુષો માનતા કે સુખ માટે મહાન ધ્યેયની અવિભક્ત ભક્તિ જોઇએ. આમ બર્નાડ શૉની સુખની વ્યાખ્યા સાથેજ તેઓ સંમત થાય છે. ધ્યેય માટેનું સંતોનું આત્મ-સમર્પણ એટલું તો પરાકાષ્ઠાએ પહોંચતું કે મૃત્યુ પણ

સાધનામાં અગ્નિ નહિ પણ તેજસ્વી રત્નમણી લાગતું. સિંધના શ્રેષ્ઠ સુફી કવિ શાહ અબ્દુલ લતીફ આથી જ ગાંતા કે ઇશ્કનો શ્રેષ્ઠ શૃંગાર તો શૂળી છે. પ્રિયતમની ગોદ અને શૂળી પરનું મોત, આ બે વચ્ચેનો તફાવત પણ ધ્યેય સાધનાની એકાગ્રતામાં તેઓ ભુલી જતા. આવી ઉત્કૃષ્ટ ધ્યેયનિષ્ઠામાં જ પરમસુખનું દર્શન થાય છે.

# શક્તિ તેજ સુખ

ટાગોરનું એક ભાવગીત છે. તેમાં પરોઢીયે પ્રેયસી પિયુની ખાલી પડેલ સેજ ઢુંઢે છે. પ્રણયરાત્રિના સ્મરણ ચિન્હ સમી થોડીક પુષ્પપાંદડીઓ મેળવવા. પણ ત્યાં તો સેજ પર પિયુએ આપેલ ભયાનક શમશેરની ભેટ પડેલ જુએ છે. સુકુમાર સ્ત્રીને આ કેવી અસંગત વિચિત્ર ભેટ! આ તલવાર તે શક્તિનું, પ્રાણનું, Energy નું પ્રતિક છે. ટાગોર આ ભાવગીત દ્વારા કહે છે કે સમશેરવિના–શક્તિવિના–અધ્યાત્મપંથે એક ડગલુંયે નહિ ભરાય. પરમાત્મપ્રાપ્તિના સર્વ પ્રયત્નો, શક્તિ વિના દારૂણ આશાભંગની કરૂણ કહાણી થઇ પડશે. સ્વપ્નભંગની હતાશા તેમાં મળશે. શક્તિવિના જીવન–અધ્યાત્મિક કે પાર્થિવ–નિર્દય પરિહાસનું ધામ થઈ પડશે. કારણ જીવનમાં પ્રાણવિના બધુંજ પાષાણરૂપ છે–વિરૂપ છે. પ્રત્યેક સ્વતંત્ર વિચારક, આ શક્તિનું મહાત્મ્ય સમજે છે. રોમારોલાં પણ લખે છે કે "આપણી

આત્મિક શક્તિ જ બધા મોટા સર્જનકાર્યના મૂળમાં છે." આપણને સૌ પહેલી જરૂર એ શક્તિની છે, એવું માત્ર વિવેકાનંદે જ નહિ પણ સંગીતકાર બિથોવને પણ કહ્યું છે.

પણ આ શક્તિને તેના સાચા સ્વરૂપમાં પીછાનવી પડશે. આપણે કેવળ સત્તા અને વૈભવનેજ તે શક્તિ માનતા આવ્યા છીએ. સળંગ નીલમ–માણેકની પ્યાલીમાંથી જહાંગીરશા મદ્ય પીતો, તેથી આપણે તેને શકિતશાલી માન્યો. ફત્તેહપુર સિક્રિમાં, નવરંગી વસ્ત્રધારી બાંદીઓને ચોપાટના ખાનામાં, પાસાના દાવે ઘૂમાવતા અકબરને, આપણે શકિતશાલી માન્યો. ગીબને વર્ણવેલ વીસ હુજાર રસોયા રાખતા રોમન રાજાને આપણે શકિતશાલી માન્યો. પણ આજે તે શકિતશાલીઓ કયાં છે? એક પગલે સાત લીગ કાપતા મેગાથીરીયમ,(megatherium) અને વાદળ જેવી પાંખથી સુર્યપ્રકાશ ઢાંકી દેતા (Ichthyo saurus) ઇથ્યોસોરસમાં આપણે શકિતઓ કલ્પી. પણ એ પ્રાગ્ઐતિહાસિક મહાકાય પ્રાણીઓ, આજે કયાં છે? માત્ર મ્યુઝીયમમાં fossils–ફોસાઇલ્સ રૂપેજ આપણા શક્તિશાલી રાજાઓની જેમજ બુરી હાલતમાં છે. જેને આપણે શક્તિ માનીએ છીએ તે વાસ્તવિક શક્તિ નથી. શકિતનું યથાર્થ સ્વરૂપ સમજવું પડશે.

બર્નાર્ડ શૉ આ શકિતની સાચી સમજણ આપે છે. તે લખે છે, "The beginning of manhood and womanhood is the

dawning of moral passions in him." અર્થ મનુષ્ય કે સ્ત્રીમાં સાચું પુરૂષત્ત્વ કે સાચું સ્ત્રીત્ત્વ ત્યારેજ આવે કે જ્યારે નૈતિક ભાવનાઓનો તેઓમાં ઉદય થાય;–સત્ય માટેનું અધ્યાત્મિક જાગરણ જ્યારથી તેઓને પ્રાપ્ત થાય. આવા જાગરણ પછીજ Supremacy of purpose–ધ્યેયની સર્વોપરીતામાંથી–પ્રકટતું અમાપ સંકલ્પબળ પ્રાપ્ત થાય. તેજ વાસ્તવિક શક્તિ છે.

આવી શક્તિ વિના ધર્મ માત્ર મંદિરોમાં બજાર જ ઉભા કરે છે. યરૂસીલમમાં થયું તેમ. જો શક્તિ હશે તો આનંદઘન ગાય છે તેમ પ્રત્યેક જન ગાશે, 'અહો અહો હું મૂજને નમું, નમો મુજ નમો મુજ રે.' શક્તિ હશે તો પ્રત્યેક કહેવાતો જ્ઞાની, ઉમ્મરખય્યામની જેમ Daughter of Wine–મદ્યકન્યા–આત્મ રમણતાનું–પાણિગ્રહણ કરશે. શક્તિ હશે તો ડચ કલાકાર રેમ્બ્રાન્ડટ જેમ પ્રત્યેક ચિત્રકાર, સીતેર વર્ષની ડોસી અને વીસ વર્ષની વિનસ ને સરખા આનંદાવેગથી ચીતરશે. શક્તિ હશે તો પ્રત્યેક કવિને, વિશ્વ માત્ર મધુરું સ્વપ્ન જ નહિં પણ ભુવનમન–મોહિની ગીત રૂપે સંભળાશે જેમ ટાગોરને, કાજળઘનઘટા અને નિભૃતજ્યોત્સના મંદિરમાં અગમ્ય વીણા વાગતી સંભળાતી. શક્તિ હશે તો પ્રત્યેક પ્રજા–સંસ્કૃતિ ઇલિયડની હેલનના રૂપ માટે નહિ પણ રામાયણની સીતાના શીલ માટે મરી ફીટશે. આ

શક્તિ જ માનવસમૂહને જીવંત તત્ત્વ બનાવે છે. તે વિના માનવ માત્ર એક રસાયનિક દ્રવ્ય, chemical substance છે. આ શક્તિ જ માનવ જગતનું સુખ છે. કારણ તેજ તેની અધિષ્ઠાત્રી દેવી છે.

# વિરલ નિર્ભયતામાં સુખ

કૃષ્ણનું કાલિયમર્દન અને સમશેર-ધારી ભવાનીનું રહસ્ય સુખની વિચારણા પર નવોજ પ્રકાશ નાખે છે. વર્ષાના પડછંદ સમુદ્ર તરંગો અને તિમિરાવૃત્ત ઘોર કોતરોમાં જે નગ્ન ભયંકરતા છે, તેને પીંખી નાખે તેવી વિરલ નિર્ભયતામાંજ સુખ છે, તે સમજાય છે. અભયા હોવાથીજ મહાત્માઓનું જીવન–પગથાર પરનું પ્રત્યેક પગલું, દશેદિશામાં વિજયગાન પ્રસારે છે. નેપોલિયન આથીજ કહેતો હતો કે; 'Divine persons are victory organised.' દેવાંશી પુરૂષો તેજ મૂર્તિમંત વિજય છે. પિટસબર્ગમાં સંતાઇનેજ ઝાર વિરોધી લડત ચલાવવા માટે આર્ટિક સર્કલમાં છ વર્ષની કેદ ભોગવવા ગયેલ સ્ટેલીનને યાદ કરો. પોલર પ્રદેશમાં થતો હાડમાંસનો કરૂણ અંજામ ભુલી જઇ આનંદભેર નાતાલ ઉજવતા કેપ્ટન સ્કૉટને યાદ કરો. પ્લેગની હોસ્પીટલમાં જઈ, નેપોલિયન કહેતો કે શહેનશાહને કોઇ વસ્તુ

ડરાવી શક્તી નથી. કેવી નિર્ભયતા ! પણ નેપોલિયનની એ નિર્ભયતાના કરતાંય એક વિશિષ્ટ પ્રકારની નિર્ભયતા છે. નેપોલિયનની પ્લેગની હોસ્પીટલની મુલાકાતના કરતાં તો સંત ફ્રાન્સીસ હોસ્પીટલમાં રકતપીતીયાંઓના ઘા ધોતા ને કપાલ ચુમતા, તે નિર્ભયતા અનેક ગણી વધુ મહાન છે. તે નિર્ભયતાજ મહાવીરતા છે. આવી મહાવીરતા તે શરીરની સુદૃઢતાજ નથી. મનનું કૌવતજ નથી પણ આત્માનું ઓજસ છે. તેતો વિરાટ પ્રાણશક્તિનું બાહ્ય જીવનમાં પ્રકટ થતું અંશતઃ દર્શનજ છે. દેહમનની નિર્ભયતા કરતાં, આત્માની આ મહાવીરતાજ, વિશ્વપતિ કયારેક બનાવે છે.

આત્મશોધન અને મોહજયની જીવન સાધનામાં આ પરમ નિર્ભયતાનાં દર્શન થાય છે. વોલ્ડનના તળાવપરના એકાકી થોરોમાં કે રહનેમીને मो तिष्ठत्वम् કહેનાર સુંદરી રાજુલમાં આવી નિર્ભયતા હતી. ખલિલ જિબ્રાન લખે છે કે, 'એકાન્ત એ શાન્ત તોફાન છે કે જે બધી સુકી ડાળીઓને તોડી નાખે છે. અને જીવનના જીવન્ત મૂળીયાને પૃથ્વીના જીવન્ત હૃદયમાં ઉંડા ઉતારે છે.' રામકૃષ્ણ કે ચૈતન્યદેવની એકાંત સાધના જોઇશું તો જિબ્રાનનું એ સત્ય-સમજાયા વગર નહિ રહે. છ માસની સાધના પછીયે વાસના રહેલ જણાયાથી રામકૃષ્ણ નજીકના વૃક્ષ પાસે છરી લઇ દોડી ગયા અને 'મા'ને કહ્યું કે હવે પળભર પણ વાસના રહેશે તો આ છરી ગળામાં ભોંકી દઇશ. એકાન્તનું આ શાન્ત તોફાન તો

વિચારો. ચૈતન્યદેવ માથાના વાળ વીંખી નાંખી નાક જમીન પર ઘસતા—એટલા માટે કે 'વિરહ—વેદના' હળવી થાય. એકાંત સાધનાની આ નિષ્ઠુર લીલાઓનું જેઓએ મંગલદર્શન કર્યું છે, તેઓ જ ખરા નિર્ભયી છે, તેવી વિરલ નિર્ભયતામાં જ સુખ છે.

# સુખનું નિર્માણસ્થલ પરિષહં ને યાતના

પારાવાર યાતના સુખ માટે માનવને અધિકારી બનાવે છે. 'પ્રોફેટ'માં ખલીલ જિબ્રાન લખે છે કે "Greater the sorrow carves into your being the more joy you can contain." અર્થ: જેમ જેમ વધુ ને વધુ દારૂણુ શોક તમને કોરી ખાશે તેમ તેમ વધુ ને વધુ આનંદ તમે સમાવી શકશો. પરિષહો અને યાતના આમ આંતર આનંદનું નિર્માણ સ્થલ છે. તેથીજ સેંટ થેરેસા પ્રાર્થના કરતી કે "Suffering alone makes life Supportable to me. All that I ask of thee is to Suffer or to die." અર્થ: યાતનાજ માત્ર જીવન જીવવા જેવું બનાવે છે. સહન કરવું અને કાંતો મરવું એમાંથી એક મને આપજે. ભગવાન મહાવીર કે જેમનું નિર્મોહીપણું આત્માના પરિપૂર્ણ વિકાસરૂપે ગણાતું હતું, તેમનેય પરિષહોની મોહની લાગી હતી. આથીજ જ્યાં કુતરાઓ છુછકારીને

કરડાવતા, જ્યાં આસનો પરથી ધ્યાન કરનારાને ગબડાવી દેવાતા, ને ચોરો અપશુકનથી ખીજવાઇ, ખભાપર ચઢી મામા મામા કહી માંસ કાપતા તે અનાર્ય લાઢ દેશમાં સ્વેચ્છાએ ગયા હતા. રાધાને બંસરીએ બતાવેલ અંગછેદનું રહસ્ય કે ગોરા કુંભારે શોધેલ કાચાં પાકાં માટલાંનું રહસ્ય પણ પરિષહનાજ જયગાન ગાય છે.

મીરાએ ગાયું કે 'ઓઢી ચુનર પ્રેમકી ગીરધરજી ભરતાર,' કબીરે ગાયું કે 'હરિ મેરા પીવ મેં હરિ કી બહુરીયાં.' આનંદઘને ગાયું કે 'અબ મેરે પતિગતિ દેવ નિરંજન.' આ શાબ્દિક નિરૂપણ પાછળ કોઇ વિખુટી પડેલ લજ્જાળુ નવોઢાની અકથ્ય આંતરવેદના છે. આ પ્રણયવેદના એટલી તો તીવ્ર બની ગઇ કે આનંદઘન પોતાના પદમાં લખે છે તેમ, તેમનો દેહ કોઇ વાનરયુથથી છુટા પડેલ વાનર જેમ વિરહયાતનાથી ધ્રુજતો હતો. આ વેદના એટલી તો તીવ્રતમ બની ગઇ કે તેઓ લખે છે તેમ 'પિયુ વિના જીવવું તે વૈદ્ય વિનાના મધુમેહી દરદી જેમ અશક્ય થઇ પડયું.' આમ યાતના પરાકાષ્ઠાએ પહોંચી ત્યારેજ અનુભવનો આનંદ–મિલનની પ્રસન્નતા–પ્રાપ્ત થઇ.

આવી યાતના વિના, વાલ્મિકીને અનુષ્ટુપ છંદના સર્જનનો આનંદ ન મળત. ખલિલ જિબ્રાનની વાતમાં આવતી કાળુ માછલીને મહામુલું મોતી ન મળ્યું હોત. અમાત્ય તૈયલીને નિર્ભય પ્રવજ્યાની સુસ્વસ્થતા ન મળી હોત.

યાતનાનો આ આનંદ પરાજયમાં લબ્ધ છે. યાતનાથીજ, પરાજય ક્યારેક ભવ્ય થાય છે. આથીજ ખલિલ જિબ્રાન ગાય છે કે "હે મન! આજ તો તું ગાન ગા, વિજયનું નહિં, પરાજયનું. સેંકડો વિજયથીયે ભવ્ય એવા કોઇ મહાન પરાજયનું!" અશોકને નૈતિક પરાજય પછી જ જીવનનો સાત્વિક આનંદ પ્રાપ્ત થયો. ફ્રેન્ચ લેખક રેંમારોલાં લખે છે કે એની "શ્રદ્ધાની ટ્રેજીડી"નો પ્રત્યેક મહાન નાયક જગતની દૃષ્ટિએ હારેલ હતો, પરાજિત હતો. પણ એ પરાજયમાંજ તે મહાન નાયકોને જીવનના પરમગૌરવનું આત્મભાન થયેલ. પરાજય, પરિષહ, યાતનાજ, આમ, આંતર આનંદનું સ્થૂલ સ્વરૂપ–નિમિત્ત–છે. આત્મબળીને એ બે વચ્ચે કશો જ ભેદ નથી.

# મન અને સુખ

નેપોલિયને હેલીના ટાપુપર એકરાર કરેલ કે 'જીવનમાં સુખના છ દહાડાય તેણે નતા જોયા.' I never found six happy days in my life.) હેલન કેલર કહેતી હતી કે 'જીવન મને ખૂબ સુંદર લાગે છે.' ("I find life so beautiful.") એક હતો શહેનશાહ બીજી રંક અપંગ વૃદ્ધા. એક પાસે વિપૂલ ભૌતિક સાધન સંપત્તિ, બીજીની પાસે પુરતી શરીર સંપત્તિયે નહિ. ફ્રાન્સના શહેનશાહના કરતાં એક આંધળી બહેરી અને મુંગી સ્ત્રી અથાગ સુખાનુભવ પ્રાપ્ત કરે એ હકીકત દુનિયાની સુખ વિષેની સામાન્ય સમજણને જુઠી પુરવાર કરે છે. પરાધીન સુખી હોઇ શકે છે એ માન્યતાનો વિરોધ કરતો આ પ્રત્યક્ષ અને પ્રબળ પુરાવો છે. નેપોલિયન શા માટે સુખી ન થયો? કારણ તેણે, સુખ માટે, લોખંડી બખ્તરો અને ચોપગાં ઘોડાઓનો સહકાર માગ્યો પણ પોતાના મનની ઉપેક્ષા કરી. જ્યારે હેલન-

કેલર, જે નતો સાંભળી શકતી, નતો બોલી શકતી, નતો જોઇ શકતી, છતાંય તેણે પોતાના આપત્તિમય જીવનની ઉજ્જડભૂમિ પર મહેલ સર્જવા પોતાના મનનો સહારો લીધો. મૃત મનને સ્વતંત્ર ગતિ આપી. નવજીવનરસ આપ્યો. મનને તેજચક્ષુ આપ્યાં. સાચી રીતે જોતાં ને સાચી રીતે ભોગવતાં મનને શીખવાડયું. આથી જ પ્રત્યેક વિશ્વપદાર્થ, પછી તો સુખના જીવંત સ્પર્શ રૂપ બની ગયો.

સાચી રીતે આમ મનને જોતાં આવડે, જ્યોતિર્મય મનઃ ચક્ષુ ઉઘડી જાય, તો પછી વિશ્વદર્શનનું આંતરસૌંદર્ય પ્રત્યક્ષ થતાં કેટલી વાર લાગે? પછી તો આકાશનો માત્ર (Weather forecasting) ઋતુઓની આગાહી માટે જ નહિં, પણ ટાગોરે કર્યો તેવો બીજો જ ઉપયોગ હોય. ટાગોરે લખ્યું કે સંધ્યાનું સુવર્ણાકાશ જોઉં છું ત્યારે જલતો દીપ, આરસઝરૂખો ને પ્રતીક્ષાનો આભાસ થાય છે. આકાશમાં પછી તો આવું જ જોવા મળે. પછી તો આકાશના તારાઓને માત્ર ખગોળશાસ્ત્રના સળગતા ગોળાઓ જ ન માને; પણ જર્મન ફિલ્સુફ કેન્ટ લખે છે તેમ 'અંતર્જગતના નીતિનિયમો જેટલા જ (awe-inspiring)' અદ્દભૂત અને સુંદર આ બહિર્જગતના તારાઓ લાગે. તે તારાઓ કેન્ટની જેમ આપણનેય અપાર્થિવ તંદ્રા લાવી દેનાર નાજુક સ્વપ્નપરી જેવા લાગે. જ્યાં ફુલો માત્ર કવિની મોહક કલ્પના સામગ્રીજ ગણાય છે ત્યાં જાગ્રત રસિક આત્મા તો તે ફુલોને બુદ્ધનું સ્મિત ખરીદી શકે તેવી

પ્રણયસોગાદ રૂપ જુએ. જેમ સુદાસ માલીએ જોયું તેમ. આમ આકાશ, તારા અને ફુલની જેમ પ્રત્યેક વિશ્વપદાર્થ સુખનું અનોખું કારણ બની જશે. જો મન–આત્મા સાચો દૃષ્ટા અને ભોક્તા હોય તોજ. માત્ર વિશ્વદર્શનજ નહિ માનવનું આત્મદર્શન પણ બદલાઇ જાય. ને જય બીજાને માત્ર જે શરીર–Sinful clay અને Crippled clay carcass પાપી માટી રૂપ લાગે છે, તેમાં (જગ્રાન્ત લખે છે તેમ 'A boundless drop in boundless ocean' અનંત સાગરનું અનંતબિંદુ દેખાશે. જે માત્ર કઠોર સંયમ ને નિષ્ઠુર ત્યાગ લાગશે, તે પછી તો Naked spirit riding the air of heaven, વિશુદ્ધ આત્માનું ઉર્ધ્વસંચરણ બની જશે.

તેને તો જીવનની પ્રત્યેક વિનાશક્રીયામાંથી સર્જનનો સાદ સંભળાશે. નિયતિના અકળ ઉડાવથી, નિષ્ઠુર ભુમિકંપો થાય ને માનવીએ બાંધેલ મણિમય પ્રાસાદ, ભૂમિ સાથે એકાકાર થઇ જાય ત્યારે, સાચા દૃષ્ટાને તો રોમારોલાં જેમ ગાન સુઝે છે કે "જીવનનો મૂળ છંદ જ સર્જનનો છે." તે તે માઇકલ એન્જલો જેમ ગાશે, 'Ah! to build, to build is the noblest art of all.'

મન પરજ આમ સુખનો સર્વ આધાર છે. મન ચાહશે તો રામની જેમ, જંગલી વાનરોનોય વિરહ દૂર કરવા માટે અને ડૉ. લિવીંગ્સ્ટન જેમ આફ્રિકાના ભયાનક જંગલોનોય, સેવાનું

સુખ પ્રાપ્ત કરવા માટે ઉપયોગ કરી શકશે. મન કબૂલ થશે તો નમિ રાજા જેમ સ્ત્રીની બંગડીમાંથી, ગુરૂ નાનકના લઘુ શિષ્ય જેમ ચુલાના લાકડામાંથી, ને સુંદરદાસ જેમ લગ્નના ગીતમાંથીયે, આત્મસુખ મેળવશે. સુખના માતા, પિતા, બંધુ, સ્વામી, મન જ છે.

# પ્રકૃતિ રહસ્યોનો ઉકેલ અને સુખ

હેગાર્ડની નવલકથા 'She'માં આયેશા કહે છે કે 'There is no such thing as magic-but there is the understanding of nature's secrets.'— કે 'જંતરમંતર જેવી કોઇ વસ્તુ જ હયાત નથી, પણ પ્રકૃતિ-રહસ્યોની સમજણ જેવી કોઇક વસ્તુ છે.' આજના વિજ્ઞાને આ રહસ્યો ઉકેલ્યાં ને તેથી જ અરેબિયન કથાના જંતરમંતરનું શાસ્ત્ર બની ગયું છે. શાસ્ત્રોના દૈવી ચમત્કાર કરતાંય આજે વૈજ્ઞાનીક સિદ્ધિઓ વધું વિસ્મયકારી થઇ પડી છે. વનસ્પતિના મરણ સમયના ડાચકાં, જગદીશ બોઝના ક્રેસ્કોગ્રાફથી જાણી શકાય છે સર જેમ્સજીન્સ, આકાશગંગાનું માપ ગણતરીના આંકડાથી કાઢી શકે છે. ( ૬૦ કરોડ માઇલ=૧ ઇંચ; લઇએ તો આકાશગંગાનો નકશો ઉત્તર ને દક્ષિણ અમેરિકા જેટલો થાય ) આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ પુરવાર કરે છે કે પદાર્થ જો પ્રકાશ જેટલો ગતિ કરે, તો ત્યાં કાળની અસર નજીવી થાય. ને ભૂતકાળમાં પ્રવાસ

કરાય–બીજા શબ્દોમાં કહીએ તો જ્યોતિર્મય પદાર્થ પર કાળ થંભી જાય, એ શાસ્ત્રીય માન્યતા આઇન્સ્ટાઇને પ્રયોગશાળામાં સિદ્ધ કરી છે. પ્રકૃતિના કેટલાં રહસ્યો ઉકેલાઇ ગયા છે! તે પણ વૈજ્ઞાનીકોના પોતાના સર્વસ્વના ભોગે. વૈજ્ઞાનીકે સાધુત્વદ્વારા જડજગતના સ્થૂલ રહસ્યો મેળવ્યા છે. આ સાધુત્વ તે અખંડ તપ ને ત્યાગ. પણ સાધના જેટલી સિદ્ધિ સુંદર નથી થઇ શકી. ચિમ્પાનીઝ વાનરો ત્રાપા ચલાવી શકે કે નહિ, તે જાણવા માટે પાલવાવ નામના રશિયન વૈજ્ઞાનીકે મહિનાઓ સુધી પ્રયોગ કરીને મનુષ્યબુદ્ધિથી ચિમ્પાનીઝ કેટલો છેટો છે તે શોધી કાઢયું. પચાસ પચાસ વર્ષ સુધી કેટલાંયે જગતભરના વૈજ્ઞાનીકો જે શોધ માટે નિરંતર શ્રમ લેતા તે શોધ માત્ર (Structure of bubble) પરપોટાનું બંધારણ શોધવાની હતી–જેમાં ભારતના સર સી. વી. રામન ને ફત્તેહ મળી.

પ્રકૃતિ રહસ્યો શોધવાજ વૈજ્ઞાનીકો નાયગરાના ધોધ પરથી પીપમાં બેસી પડતું મુકે છે. ને જ્વાલામુખીના પેટાળમાં કેડે દોરડું બાંધી ઉતરે છે. અરે ચંદ્ર પર્યટન માટે ય તૈયાર થાય છે. અકલ્પ્ય પુરૂષાર્થની જીવંત પ્રતિમાનું દર્શન કરવું હોય તો આગસુ ભારતે પશ્ચિમના વૈજ્ઞાનીક પ્રયોગમંદિરમાં ડોકિયું કરવું પડશે. સિદ્ધિ પણ કાંઇ નાનીસુની નથી. પ્રચંડ છે, જો કે સુંદર નથી. સિદ્ધિ તો જુઓ. પુરાણમાં બ્રહ્મનું વર્ણન આવતું હતું કે તેની ભ્રકૂટિના વિલાસ માત્રથી બ્રહ્માંડનો પ્રલય

આવી પહોંચે છે. આજતો વિજ્ઞાનનેજ આ વિશેષણ લાગુ પાડી શકાય તેમ છે. પાલોમોરની વેધશાળા તો જુઓ. એક અબજ પ્રકાશ વર્ષ આકાશમાં ઉંડુ જોઇ શકાય તેવા કાચ છે. ચંદ્ર માત્ર ૨૪ માઇલ જ દૂર હોય, તેવો તે કાચમાંથી દેખાય છે. ચંદ્રપર, નાની અમથી આગગાડી પસાર થતી હોય તો તે પણ તેમાંથી જોવાય. પણ આટઆટલી વૈજ્ઞાનીક સિદ્ધિઓમાં જે શાંતિ ને સુખ ન મળ્યું, તે ટાગોરની ગીતાંજલિની બે પાંચ પંક્તિઓ વાંચતાં મળી જાય છે. ફ્રેન્ચ પ્રિમીયર કલેમેન્શોને યુદ્ધની વ્યથામાં, ગીતાંજલીમાંથી જ સુખ મળ્યું હતું. પાલોમોર વેધશાળાના વૈજ્ઞાનીકોએ, વ્હીટમેનની Learned astronomer કવિતા વાંચવી જોઇએ તો કયારેક વ્હીટમેન લખે છે તેમ 'પૂર્ણ શાંતિથી શીતળ રજનીના તારાઓ તરફ મધુર દષ્ટિ નાખતા આવડશે.'–ને તેઓનો પુરૂષાર્થ કૃતાર્થ થશે.

અત્યાર સુધી વિજ્ઞાને જે કર્યું છે, તે તો માત્ર મેરિસ મેટરલિંક લખે છે તેમ, 'a mere scratch on the skin of universe'–વિશ્વની સ્થૂલ ત્વચા પરના એક નજીવા ઉઝરડા જેવી સિધ્ધિ છે, સુખનું કશું માર્ગ-દર્શન કે રહસ્યસ્ફોટ તેમાં નથી. એના કરતાં તો 'આત્મપંચકમાં શંકરાચાર્ય લખે છે કે " नाहं जातो जन्म मृत्यु कुतो मे । नाहं चित्त शोक मोहो कुतो मे તે બેજ પંક્તિમાં સુખનું પરમ રહસ્ય જણાવાઇ ગયું છે. વિશ્વના (Shape, size, origin) આકૃતિ, માપ ને ઉત્પત્તિના

ઝઘડામાં પડવા કરતાં, નઝીરે બે પંક્તિમાંજ સુખની વિચારણાનો સાચો માર્ગ બતાવ્યો કે, "યાદ કર તૂં એ નઝીર કબરોં કે રોજ જીન્દગીકા હૈ બસેરા ચન્દ રોજ" આ બે પંક્તિમાં સુખના રહસ્ય તરફ જે અંગુલિનિર્દેશ ભક્ત નઝીરે કર્યો છે તે આઇન્સ્ટાઇન, એડિંગ્ટન કે જેમ્સજીન્સનો પ્રશંસનીય અતુલ પુરૂષાર્થ પણ કરી શક્યો નથી.

પણ અત્યારે તો માનવ ધર્મને નહિ પણ વિજ્ઞાનને પ્રશંસે છે, સ્તવે છે, પૂજે છે. ને *અરવિંદ ઘોષ લખે છે તેમ "મનુષ્ય જેને પ્રશંસે છે ને સ્વીકારે છે તે તેનો એક ભાગ બની જાય છે. બીજું બધું તેનું અનૈચ્છિક આચરણ કેવળ દંભ છે." "what the man admires and accepts, becomes the part of himself–rest is the mask." તેથી અત્યારે અનીચ્છાએ ધર્મ તરફ ઝુકશું, અનુરાગ વગર–અંતરના પ્રમાણીક સ્વીકાર વગર–તો તે દંભજ–mask જ– રહેશે. એના કરતાં તો વૈજ્ઞાનીક ક્ષેત્રમાં પુરૂષાર્થ ફોરવવોજ સારો સંભવ છે. વૈજ્ઞાનીક ક્ષેત્ર ક્યારેક વિકાસ લાવશે. વિજ્ઞાનની વિનશ્વરતા સામે, ધર્મના અમરત્વનો વિરોધ એટલો તો સચોટ થશે કે માનવે ધર્મનું ચરણામૃત આંખે લગાડયેજ છુટકો થશે. સેંટ ઓગસ્ટાઇનને રોમના ભયાનક વિનાશ પછીજ 'City of God' ની vision મળેલ ને તે વિષે પુસ્તક લખેલ તેમ.

---

* System of National Education By A. Ghosh.

# સુખ વિષેનું કળાકારનું દૃષ્ટિબિંદુ

ઉધઇ આંધળી છે, છતાંય કુહાડાના પોલાદથીયે ન ભંગાય તેવો શરૂડો તૈયાર કરે છે. પણ તેમાં સુંદરતા નથી. માત્ર માણસજ એવું સ્થાપત્ય રચી શકે છે, જેને ગોએથ– The frozen music–પત્થરમાં ઠરેલ સંગીત કહે છે. આનું કારણ એ છે કે માત્ર માણસમાંજ સર્જકપ્રતિભા છે. પ્રત્યેક માનવમ આ સુષુપ્ત સર્જકપ્રતિભા છે. યોગ્ય કાર્યક્ષેત્ર મળે તો આ સુષુપ્ત સર્જક પ્રતિભા જીવીત થાય, અદભૂત સુંદરતા સર્જે ને માનવ સુખ અનુભવે.

આ સર્જક આંતરશક્તિને બહાર વ્યક્ત થવાનો જ્યારે જ્યારે માર્ગ મળે છે, ત્યારે ત્યારે માનવ સુખ અનુભવે છે. સાદા પાટિયાના બનાવેલ, આગગાડીના ડબ્બા જેવા લાગતા સરકાર આવાસમાં રાત દિનના શ્રમ પછી સર જદુનાથ સરકારે શોધ કરેલ કે શિવાજીને આઠ રાણીઓ હતી. કોઇ સ્થૂલ લાભ

આ સત્ય શોધતાં જદુનાથ સરકારને થયો નહિ. છતાં નિ:શંકપણે કોઇ અનિર્વાચ્ય સુખ આ સત્ય શોધતાં તેમને પ્રાપ્ત થયું હશે. કારણ તેમની સર્જકપ્રતિભા યોગ્ય કાર્યક્ષેત્રમાં મુક્તવિહાર કરી રહી હતી. જ્યારે વેનીસના લોકો નિરાંતે ઉંઘતા હતા ત્યારે સેંટ માર્કસના ઘૂમ્મટ પર ચઢી વૃદ્ધ ગેલીલીયો. ગુરૂના ઉપગ્રહો શોધવા નિર્બળ આંખોને હોડમાં મુકતો. વ્યવહારૂ ડહાપણ સિવાય જેમની પાસે બીજી કશી મહત્તા નથી તેવા આપણે, ગેલીલીયોના આ કૃત્યને કોઇ અક્ષમ્ય ગાંડપણ તરીકે ગણી કાઢશું. પણ ગેલીલીયો સુખી હતો, કારણ તેની અંદર ધૂંધવાઇ રહેલ સર્જકપ્રતિભા પ્રકટ થઈ રહી હતી. વર્જિનીયાના જંગલમાં બે કીંગફીશર પક્ષીઓ સાથે કવિ વ્હીટમેન કલાકો આનંદમાં કાઢતો. વ્હીટમેન સમયની બરબાદી નતો કરતો. પ્રજાસત્તાકમાં ચુંટાઇ આવેલ રાષ્ટ્રપ્રમુખ જેટલો જ આનંદ તે પક્ષીની મિત્રતામાંથી લૂંટતો. કારણ તેની આંતર સર્જનશક્તિને તે પોષી રહ્યો હતો—વ્યકત કરવી સુગમ કરી રહ્યો હતો.

આમ કળાકારની દષ્ટિએ, સુખ, વ્યક્તિમાં રહેલ આંતર સર્જક પ્રતિભાને જગાડવામાં, તેનું રક્ષણ, સંવર્ધન ને આવિષ્કરણ કરવામાં જ છે.

# વાણીના સૌંદર્યમાં સુખ

ધર્મ જ્યારે વૈજ્ઞાનીક બને છે ત્યારે તે તત્વજ્ઞાન કહેવાય છે. સાચું તત્વજ્ઞાન હમેશા એમ માને છે કે બહારથી કશુંક ઉમેરાય તેથી વિકાસ નથી થતો. સજીવ દેહની પેઠે માનવી અંદરથી વિકાસ પામે છે. સિંધુ કાંઠે શિવશક્તિની પૂજા થતી. વૈદિક આર્યો પૃથ્વી–સૂર્યની પૂજા કરતા, દ્રાવિડ આદિવાસીઓ પાતાળની મેલી શક્તિની પૂજા કરતાં. કારણ તેઓ એમજ માનતા કે બહારના કશાક ઉમેરાથી જ વિકાસ થાય છે. પણ મહાવીર બુદ્ધે ધર્મઘોષ કરીને કહ્યું કે 'अथ्थशरण अथ्थदीप्प, આત્મા જ આત્માનું શરણ છે, આત્મા જ આત્માનો દીપક છે. ત્યારે તેઓએ એ સ્વીકારેલ હતું કે આત્માનો સજીવ દેહપેઠે અંદરથી જ વિકાસ થશે. વિકાસ તે આંતરીક ક્રિયા છે બાહ્ય વિધિનિષેધોનું યોગ્ય પ્રમાણ ન સચવાય તો તે આથી જ ધૃણાસ્પદ ગણવામાં આવ્યા છે. જેમ જેમ આ અર્થમાં માનવી આંતરવિકાસની સિદ્ધિ મેળવતો જાય છે તેમ

તેમ તેની વાણી માત્ર શબ્દો પર જીવનારી નથી રહેતી પણ જીવનપોષક સાત્વિક ભાવોનો આશ્રય શોધે છે. પછી તો ત્યાં જીવનોપયોગી વિચારતંતુઓની તાત્વિક સમીક્ષા કે સમન્વય કરનાર વાણી હોય છે. સર્વ શુભ વિચારોને તાણાવાણારૂપે વણી, એક વિશાલ ભાતીગર પટ તૈયાર થાય છે, જે તેની વાણી કહેવાય છે. અજંટાના ચિત્રોમાં હાથની બેદરકારીથી આવેલ એક પણ દોષ દેખાતો નથી એમ ગ્રીફ્થ લખે છે. તેનું કારણ ભિક્ષુક-ચિત્રકારોની સંયમી ભાવના છે એમ તે કહે છે. સાધુચરિતની વાણીમાં પણ બેદરકારીનો કે અન્ય કશો દોષ શોધ્યો યે જડતો નથી. આ પણ તેઓની સંયમી ભાવનાનુંજ ફળ છે. તેઓની વાણી સંપુર્ણ હોય છે–ભાવ અને ભાષામાં. ભાવભાષાની સંપૂર્ણતાનું સૌંદર્ય શ્રોતાને આસ્તિક બનાવી દે છે. મેઝીની કહેતો કે 'સૌંદર્યવંત આલ્પસને જોયા પછી કોઈ નાસ્તિક રહી શકે નહિ.' સાચું સૌંદર્ય વસ્તુ જ તેવા પ્રકારની છે. જ્યાં જ્યાં શુદ્ધ સૌંદર્ય છે ત્યાં ત્યાં જાણ્યે અજાણ્યે પરતત્વને સેવવા ને આલિંગવાનો પ્રયત્ન ચાલુ જ છે. વાણીનું સૌંદર્યપાન સંતમુખમાંથી થતાંજ, આથીજ, સેંકડો રાજકુમારો ને રાજકુમારીઓ નાસ્તિક મટી વનવાસી ને અનગારી બની ગયાં હતાં.

વાણીના સૌંદર્યનો આ પ્રભાવ આ યુગમાં આપણે જવલ્લેજ જોઇ શકીએ છીએ. કેવળ તર્કભરી દલીલોનું બળ જ આપણે અનુભવ્યું છે. પણ શેખ સાદી કહે છે તેમ મૂર્ખની દલીલો પણ

જ્ઞાનીના સત્યને સહેલાઇથી તોડી શકે છે;–જેમ એક પત્થર પણ મહાંમુલા મોતીને ક્ષણમાત્રમાં તોડી દે છે તેમ. વાણીનું સૌંદર્ય શબ્દ કુશલતા કે તર્કવિદ્યામાં નથી. પવિત્ર તપસ્યાથી આવૃત્ત જીવન–શિખરેથી વાણીસૌંદર્યનું ઝરણું વહે છે. અમીર ખુશરૂએ દેવલદેવી અને ખિજરખાંની પ્રેમકથા લખી, નઝીરી નિશાપુરીએ બાદશાહ જહાંગીર પાસેથી એકજ ખુશામતની શેર લખી ત્રણ હજાર વીઘાં જમીન મેળવી. છતાં તેઓની કવિતા ને કથામાં જે જીવન્તતા ન હતી તે શિવાજીના એક પડકારમાં હતી; માત્ર એક વચનમાં હતી. છત્રસાલ શિવાજીનો ગુલામ બનવા આવ્યો ત્યારે શિવાજીએ તેને કહેલ કે 'તું મારો ગુલામ બનીશ? તારી મા તો તારા પિતાનો જીવતો કિલ્લો હતી.' આ વચન માત્રમાં એટલું બળ હતું કે છત્રસાલ બાંડિયો સુબેદાર મટી બહારટીયું ખેડવા લાગ્યો. આ વચનનું બળ અમીર ખુશરૂ કે નઝીરી નિશાપુરી જેવા ઉચ્ચ કવિમાંય નહિ હોય. સાત્વિક જીવન, શૌર્યવંત જીવન જે વચનોનું સૌંદર્ય ઘડે, તે માત્ર કલ્પના તરંગો ને શબ્દની આતશબાજીમાં રાચનારની વાણીમાં ક્યાંથી આવે? વાણીનું સૌંદર્ય આમ બુરાઇઓને ભાંગી તોડી નાખનાર જીવનના ક્રાન્તિકારમાંથી આવે છે. આવી વાણીના સૌંદર્યનું સુખ કેવળ ગપ્પાં મારનાર, નિંદા કરનાર કે ખાવાપીવાને હરવા ફરવાની સામાન્ય વાતચીતો કરનાર નહિ સમજી શકે. ઇશ્વરની જેમ વાણીની કળા પણ અનુભવગમ્ય જ છે.

# પ્રજ્ઞા ને સુખ

**ભ**યાનક રોગના (microbes) જીવલેણ જંતુઓએ માનવજાતને જે નુકશાન નથી કર્યું તે નુકશાન માણસને (malevolent view point) ખોટી રીતે વસ્તુઓ તરફ જોવાથી થયું છે. જીવલેણ રોગો કરતાંય, ક્ષુદ્ર વિચારસરણી વધુ નુકશાનકારક છે. સાચી વસ્તુને સાચી રીતે જોવાની આવડત તેજ ડહાપણ છે. બલ્જના યુદ્ધમાં એક સૈનિકનો પગ ડોકટરોને કાપવો પડયો. સૈનિકને આશ્વાસન આપતાં ડોકટરોએ કહેલ કે તારો તો માત્ર એક પગજ ગયેલ. પણ જાન તો બચી ગયો છે! ત્યારે તે જુવાને જવાબ આપેલ કે 'મેં પગ ખોયો નથી' દેશને ભેટ આપ્યો છે. પછી અફસોસ રહ્યોજ કયાં? તે જુવાન સાચી રીતે જોતાં શીખ્યો હતો તેથી દુઃખના કારણો પણ તેના સુખના કારણ બન્યા. જેમ જેમ સમજણ ઉંડી ઉતરે તેમ તેમ સાચી રીતે જોતાં આવડે. સમજણની પરાકાષ્ઠા તે પ્રજ્ઞા છે. પ્રજ્ઞા ખીલ્યા પછી

દરેક વસ્તુ તેના યથાર્થરૂપે દેખાય છે. આથી સાચી રીતે જોવા માટે સમજણ ઉંડી કરવાની જરૂર છે. અમેરિકામાં ગયા વિશ્વયુદ્ધ પછી દર દસ માણસે એક જન ગાંડો થઈ ગયો છે. અમેરિકન સરકાર દરેક ગાંડા પ્રજાજન માટે ૩૩૫ ડોલર વર્ષે ખર્ચે છે. વર્ષમાં આ માટે ૧૫ કરોડ ડોલર ખર્ચે છે. ગાંડાઓની સંખ્યા, જીવનનું સાચું દર્શન કરવાની બીનઆવડતને લઇને જ વધી પડે છે.

આજે ચિકાગોના મ્યુઝીયમમાં, દસ લાખ વોલ્ટના પ્રકાશવાળી આકાશી વીજળીની આબેહુબ નકલ કરાઇ છે. અને છસો ફુટ ઉંડી કોલસાની ખાણો પણ તેના અસલ રૂપમાં રજુ થઇ છે. માનવની ભૌતિક પ્રગતિનો જાણે કે ત્યાં વિજય ડંકો વાગી રહ્યો છે. પણ હવે તો, જ્ઞાનના વિસ્તાર કરતાં સમજણની ઉંડાઇની વધુ જરૂર છે. લોકો શેકસપીયરના જ્ઞાનને પૂજે છે. સ્ટ્રેટફર્ડમાં–શેકસપીયરના જન્મ-સ્થાને–ઇસ્તમ્બુલના ગવર્નરથી માંડીને, આફ્રિકાના સુદાનના હબસી રાજા સુધીની સત્તાવન પ્રજાઓ દર વર્ષે તેને માનપૂર્વક વંદન કરવા જાય છે. જ્ઞાનના બાહ્ય વિસ્તારથી લોકો અંજાઇ જાય છે. પણ પ્રજ્ઞાની–સાચા ડહાપણની–નિત્ય નવીન અનુપમ તેજ-પ્રભાથી તો લોકો દાઝતાં આવ્યા છે–તેનાથી ડરે છે; તેની ઘૃણા કરે છે. ચંડીદાસને આથી જ ગૌડના સુલતાને હાથીની પીઠ સાથે બાંધી ફટકાવ્યો. તે પ્રજ્ઞાનાં સૌંદર્યને

ગ્રહણુ કરવા ય આધ્યાત્મિક ઇન્દ્રિય તો જોઇએ જ ને? બાશામુખી. વેશ્યામાં આ આંતર ઇન્દ્રિય હતી. તેથીજ જ્યારે ઘોઘા શહેરમાં ચૈતન્યદેવ ભક્તિ કરતા કરતા ખાડામાં પડી ગયા ત્યારે તે જોનાર બાશામુખી વેશ્યા તરત સાધ્વી બની ગઈ. જેને એવી અધ્યાત્મ ઇંદ્રિય હોય છે, તે પ્રજ્ઞાની અતુલ ગંભીરતાનું સુરમ્ય સંગીત સાંભળી શકે છે. સમજણુ જેમ જેમં ઉંડી જશે તેમ તેમ પ્રજ્ઞા ખીલી ઉઠશે. પ્રજ્ઞા, વસ્તનું સંપુર્ણપણે યથાર્થ દર્શન કરવામાંજ રહી છે.

કવિ કાલિદાસ સામાન્ય માનવીના કરતાં, એક પ્રકૃતિના પદાર્થમાં, ઘણું વિશેષપણે ઉંડુ જોઇ શકતા. મેઘદૂતમાં તેઓ સામાન્ય વાદળને ય પવનથી પડેલ પર્વતશીખર કે શિવનંદીરૂપે ને નદીને કિનારારૂપ નિતંબથી જળવસ્ત્ર ખસી ગયેલ નારીરૂપે જોતા. પ્રજ્ઞાવાન પણુ કવિની જેમ વસ્તુમાં ખૂબ ઉંડુ જોઇ શકે છે. કારણુ વસ્તુનું યથાર્થ સંપૂર્ણ દર્શન તે કરી શકે છે. જીવનને, વિશ્વને અને આત્માને તે સાચા રૂપમાં સમજે છે. આથી તે સત્યની ખૂબ નજીક વસતો હોય છે. તેથી તેનું સુખ, સુખ નથી રહેતું પણુ આનંદ–ચિદાનંદ બને છે.

# વિચાર વિકાસ ને સુખ

**મા**ર્કસ ઓરેલિયસ કહેતો કે 'The happiness of your life, depends on the character of your thoughts' અર્થઃ-તમારા જીવનનું સુખ વિચારોની પવિત્રતા–અપવિત્રતા પર નિર્ભર છે. સમરકંદ ને બલ્ખના મેદાનમાં ઘોડા ખેલાવતી તાર્તાર કુમારીકાઓ, ઔરંગઝેબના સૈન્યને ધ્રુજાવતી. શિવાજીના રાયગઢનો દરવાજો સાંજે બંધ થઇ જતો, ત્યારે તેનો કોઇ સૈનિક આડા રસ્તે નીચે ઉતરવાની હિંમત ન કરતો; પણ દૂધ વેચતી રબારણ હીરાકણી, અંધારામાંય રાયગઢ સહેલાઇથી ઉતરતી. પણ એ તાર્તારકુમારીકા કે રબારણ હીરાકણીના વિચારોમાં કેટલી પ્રગતિ થઇ હતી તે પરજ તેઓના જીવનના સુખનો આધાર છે અને નહિ કે તેમની શારીરિક શક્તિ પર. શરીર કરતાં મનનું મહત્વ આથી જ પ્રત્યેક ધર્મશાસ્ત્રમાં સ્વીકારાયું છે. ભારતમાં તો વિશેષ કરીને. આથીજ શેકસપીયરના ટેમ્પેસ્ટની મીરાન્ડા બળદ્વારા

સિદ્ધિ પામે છે; પણ ભારતના કાલિદાસની શકુન્તલા તો મંગલદ્વારા–પવિત્ર હૃદયદ્વારાજ–સિદ્ધિ પામે છે. કૈકયી મન્થરાના કુડકપટે રાજ્યને વિચ્છિન્ન કરી નાંખ્યું; પણ પતિસેવાની સીતાની શુભ ભાવનાને તે ન હરાવી શક્યું. સીતા તેથીજ અનેક દુઃખોમાંય સુખી હતી. નાદિરશાહે બડાબજારની શુમઉદ્દોલા મસ્જીદમાં બેસી, દિલ્હીની કત્લ ચલાવેલી; અને બાજીરાવ દેશપાંડેએ, શિવાજી વિશાલગઢ ન પહોંચે ત્યાં સુધી, નેળના મોઢા પર પચાસ સાથીઓની મદદ લઇ, મુસલમાનોની કત્લ ચલાવેલી. નાદિરશાએ કરેલ કત્લ કરતા બાજીરાવ દેશપાંડેની કત્લ જુદી જાતની હતી. બાજીરાવ દેશપાંડેની કત્લમાં, દેશ પ્રેમ ને સ્વામીભક્તિની શુભ ભાવના હતી. આથીજ મૃત્યુ પણ તેને સુખકારક નીવડયું. જયારે નાદિરશાહ તો કેવળ એક જંગલી, લોહી તરસ્યો હત્યારો જ હતો. ખુશરૂને આશ્રય આપવા માટે ગુરૂ અર્જુનને દેહાંત દેનાર જહાંગીર માટે લેડી મેકબેથ જેવી કફોડી હાલત જ ભોગવવી યોગ્ય ગણાય. પણ, "આંખમાંથી કણું કાઢી લે તેમ જીવ કાઢી લે છે," એવું વર્ણન શાહિસ્તખાને જેના માટે કરેલ, તે શિવાજીના વિચારોની કોટિ ખૂબ ઉચ્ચ હતી. આથી સામાન્ય લૂંટારાની શરમ તેના કપાળે નતી લખાઇ. તે તો આઝાદીના શૂરવીર નેતા તરીકે ગવાયો. જહાંગીરના કરતાં શિવાજી, જીવનનું સુખ–હાડમારીઓ અનેકગણી વધારે છતાં–પૂરેપૂરૂં માણી શકયા; કારણ સાત્વિક સંકલ્પોથી તેમની

મનોસૃષ્ટિ છવાઇ હતી. વિચારોની અસામાન્ય ઉંચાઇ, સંકલ્પો ને ભાવનાઓની શુભ સાત્વિકતા, જીવનની પ્રત્યેક ક્રિયાને પ્રત્યેક હલન-ચલનને, પ્રત્યેક શ્વાસનિશ્વાસને નવો ઉલ્લાસ, નવુ બળ, નવું ચેતન, આપે છે. જ્યારે પતિત વિચારો ને અશુભ સંકલ્પો, માત્ર મી૦ હાઇડ ને લેડી મેકબેથ જેવા કરૂણ પાત્રો જ સર્જે છે. શ્રાવસ્તી નગરીના જેતવન વિહારમાં બુદ્ધની ચંદનમૂર્તિ પાસે ઉભેલ હ્યુએનસંગ જુઓ. તે વખતનું તેનું સુખ, કાલિદાસ કે ટાગોરની સમૃદ્ધ કવિ પ્રતિભાથીયે ન વર્ણવાય તેવું હતું. તેવું સુખ હ્યુએનસંગે ઉમદા વિચારોના સેવનમાંથી જ લીધેલ. પણ સામી બાજુ જુઓ પેલો બર્હામ યંગ. બાઇબલમાં multiply yourself, 'તમે બહુવિધ બનો એકના અનેક થાવ' નો અર્થ 'સંતતિ ઉત્પાદન વધારો' એમ કરતો; અને પરિણામે એ ધર્મગુરૂ બર્હામ યંગ જમ્યા પહેલાં બે સ્ત્રી ને જમ્યા પછી બે સ્ત્રી પરણતો. વિચારોના પતને તેના જીવનનેય પાપમય બનાવી દીધું. પરિણામે કશું સાચું સુખ તે મેળવી શકયો નહિ.

આવા શુભ વિચારો, સંકલ્પો ને ભાવનાઓની ઉંચાઇ કેટકેટલા કષ્ટો, યાતનાઓ, સહન કરવા પછી લબ્ધ થાય છે! એડમીરલ બાયર્ડે, જ્યારે એક સત્ય શોધ્યું કે "Universe is not a chaos but cosmos"–વિશ્વ અરાજકતાથી ભર્યું નથી, પણ સુંદરતાપૂર્ણ, સંગીત ભરી સુવ્યવસ્થાથી વ્યાપ્ત છે; ત્યારે તે

સત્યના પ્રભાવથી તેની વિચારમાળા વિકસીત થઇ ઉઠી–સુગંધથી મ્હેકી ઉઠી. પણ આટલા વિચાર વિકાસ માટે તેણે પોલરપ્રદેશના એકાંત વાસમાં કેટકેટલું સહન કરેલ–તપ કરી, કેટલી કિંમત આપેલ! ઉપનિષદના ઋષીઓએ વિચારેલ કે આખું વિશ્વ પુરૂષમય છે (કેનોપનિષદ ૨૬.) ત્યારે એ વિચાર વિકાસ પાછળ કેટકેટલી તપસ્યા કરાઇ હશે. ઓગસ્ટાઇને કહેલ કે ઇશ્વર જગતથી મોટો છે–જગતથી પર છે તેથી તે નકારાત્મક છે, આ વિચારની ભવ્યતા ને ઉમદાપણું, કેટલી ઉગ્ર સાધના પછી પ્રાપ્ત થયેલ હશે. ગમે તેમ હોય પણ એવો વિચારવિકાસ તે ઋષીઓમાં હતોજ તેથીજ આંતરસુખના તેઓ અધિકારી બનેલા હતા. જ્યાં જ્યાં વિચાર-વિકાસ છે ત્યાં ત્યાં તે પ્રમાણે સુખ છે; તે વૈજ્ઞાનીક સત્ય ભારતના ધાર્મિક જીવનમાં સિદ્ધ થઇ ચુકયું છે.

# જ્ઞાનવિલાસં ને સૌંદર્યસાધનામાં સુખ

નિત્શે તેના Joyful Wisdom પુસ્તકમાં લખે છે કે 'Let our knowledge be our gladness. Let our Art be Sport and madness. All that is joyful shall be true." જ્ઞાનવિલાસ અને સૌંદર્યસાધના–કળા–ને નિત્શે સુખનગરમાં પ્રવેશવાનું સિંહદ્વાર ગણે છે.

જ્ઞાન જેમ જેમ બૌદ્ધિક પ્રક્રિયા મટીને આત્મવિચારણામાં પલટાતું જશે, તેમ તેમ તે મલિન જળ મટી દુર્લભ સુધા બનતું જશે. જ્ઞાનની પ્રારંભિક ભૂમિકાના સુખ વિષે ફ્રેન્ચ વૈજ્ઞાનિક લુઇ-પાસ્ચરનું અવતરણ ટાંકી શકાય કે 'Peace that is to be found in libraries and laboratories;'–પુસ્તકાલય ને પ્રયોગશાળામાંથી પ્રાપ્ત થતી શાંતિ." તે સુખ કોઇપણ સંસારીક પદાર્થના સુખ કરતાં વિશુદ્ધ ને વધુ મૂલ્યવાન તો છેજ. જનરલ સ્મટસ બોઅર યુદ્ધમાં લડવા જતો ત્યારે ઘોડાની એક સેડલબેગમાં

ફિલ્સુફ કેંટનું પુસ્તક 'Critique of pure reason' રાખતો, અને બીજી સેડલબેગમાં ગ્રીક બાઇબલ રાખતો. સ્વાધ્યાયની આવી ઉત્કટ ચિંતા સ્થૂલ જ્ઞાનનેય ખૂબ રસિક બનાવી દે છે. પણ હ્યુએનસંગની જ્ઞાનસાધના, સ્મટસની બાહ્યભૂમિકા કરતાં ખૂબજ ઉંડી ઉતરી ગયેલી. રોમારોલાંની ભાષામાં કહીએ તો 'the Search for truth, fearlessly, at all costs and with Single minded sincerity'- અર્થ :—સર્વથા નિર્ભયપણે, સર્વસમર્પણના સંકલ્પસહિત, ગાંભીર્ય પૂર્ણ એકનિષ્ઠાથી થતી સત્યશોધ, હ્યુએનસંગમાં હતી. આથી જ તે આંતરજ્ઞાન પ્રાંતના સુખાપણાથીયે ન લોભાયું. હ્યુએનસંગ અધ્યાત્મી દેવચંદ્રજીની ભાષામાં કંઇક અંશે 'સ્વસંપત્તિમયી' થયા. બાહ્યજ્ઞાનના લુઇપાસ્ચરે વર્ણવેલ આનંદ કરતાં, આંતરજ્ઞાનની ખુમારી કેટલી ઉંચી કક્ષાની છે એ ચર્ચા અનધિકારીના હાથે ન થવી જોઇએ. પણ એટલું તો સ્પષ્ટ સમજાય છે કે જ્ઞાન જ્યારે પણ, શાબ્દિક જંજાળ કે વિચારોની ગુંચ મટી, બૌદ્ધિક સમજણ મટી, આત્મિક વિચારણાયે મટી, શુદ્ધ આત્મ દ્રવ્યનો ગુણ બને છે ત્યારે આનંદમેઘની ઝીણી ફરફરજ નહિ પણ ચોધારવૃષ્ટિ થાય છે. આ થયો નિત્શેનો 'let our knowledge be our gladness'નો અર્થ.

હવે સૌંદર્યસાધનાનું સુખ જોઇએ. કળા જો બાહ્ય સુશોભનો પુરતી કે મૂક સંદેશાઓ આપવા પુરતી જ હોત, તો આ દુઃખી

જગતની નરી વાસ્તવિક્તા વચ્ચે, કળાકાર એક ક્ષુદ્ર જંતુથી વિશિષ્ટ સ્થાન ન પામત. પણ કળા તો આત્મશક્તિનું અવતરણ છે, કળા આનંદનું જીવંત સંભારણું છે. કળા જોતાંજ તેની આનંદમય જન્મભૂમિ સાંભરી આવે છે. ને કળા એક અમુલ્ય વિશ્રામગૃહ થઇ પડે છે. કળા આનંદમય સ્વરૂપી છે; કારણ જે દેશમાંથી પ્રવાસે નીકળી તે અહીં આવી છે તે દેશ આનંદમય છે.

કળાકૃતિમાં, રૂપરંગ અને કળાકારના હસ્તકૌશલ્ય કરતાંય વિશેષ કંઇક છેજ. નહિ તો પેરિસના લુવના સંગ્રહસ્થાનમાં પડેલ હાથ તુટેલ જર્જરિત 'વિનસ' થી ઘેલું બની જઇ અમેરિકા ફ્રાન્સને એમ ન કહેત કે, "તારૂં કરોડો ડોલરોનું દેવું અમે માફ કરશું, માત્ર આ વિનસ અમને આપ." ટિશિયનના એક 'બ્લ્યુ બોય' ચિત્રની કિંમત જ લાખો મજુરોની લોહિયળી મજુરી ખરીદી શકાય તેટલા લાખો પૌંડની ન હોત. કળામાં એવું તે શું છે જેને માટે આટઆટલી કિંમતો અપાય છે? સાચા સર્જનથી સમસ્ત આંતર બંધારણ મધુર કમ્પનોથી ક્ષુભિત થઇ, બે ચાર આનન્દાશ્રુ વહાવે છે. પણ આવો આનંદ, કળામાંથી મેળવતાં આવડવો જોઇએ. જે. પી. મોરગને ગટનબર્ગનું સૌથી પ્રથમ છપાયેલ બાઇબલ ચાલીસ હજાર પૌંડમાં ખરીદ્યું. પણ ગેલીલીના પ્રેમભક્ત માછીમારને બાઇબલ વાંચતાં જે આનંદ આપ્યો હોત તે સંપત્તિશાલી મોર્ગનને ન આપ્યો હોત. સ્થૂલ સાધન સામગ્રીમાંથી સુક્ષ્મઆનંદ ગ્રહણ

કરવા માટે પવિત્ર માનસદર્શન જોઇએ. આપણી પાસે તે નથી. આથીજ શિલ્પી હિરાધરની કેટલી યે યક્ષકન્યાઓ જંગની ગમાણુમાં ભગ્ન પડી છે. કળાનો આનંદ બહુજ થોડા મહાત્માઓ પીછાની શકશે.

# પ્રશમતામાં સુખ

ઉદ્વેગોના શમન પછી આવતી મનસ્થિરતા, ચિત્તની સમતુલતા–(Emotional poise) માંજ સુખ છે. અસ્થિરતા બાહ્ય આંતર જગતમાં વ્યાપ્ત છે તેથી સંસાર દુઃખમય છે.

પ્રશમતા, આથી જ સુખનું નિમિત્ત થઇ શકે. આવી મન-સ્થિરતા માટે ત્રણ નિયમો જરૂરી છે.

પહેલો નિયમ એ છે કે Correct mental picture of your own life–તમારા જીવન વિષેનું યથાર્થ માનસિક ચિત્ર–જોઇએ. જીવન વિષેનું સાચું દૃષ્ટિબિંદુ પ્રાપ્ત થવું ઘટે. આપણે તો પૂર્વની સ્મૃતિઓને, ભાવિના સ્વપ્નોને અને વર્તમાનની સત્યતાને એક સાથે જીવવા મથીએ છીએ. પરિણામે વર્તમાન તે માત્ર દુઃખદ પરિસ્થિતિનું ભાનજ બની રહે છે. જીવન સાથેનો આ અણછાજતો વર્તાવ છે. જીવનનું સાચું દર્શન તો આ છે. (Hourglass)

રેતીના ઘડિયાલમાંથી (grains of sand) રેતીના કણો જેમ એક પછી એકજ નીચે પડે છે, તેમ જીવનની ક્ષણો એક પછી એકજ જીવવી જોઇએ. કવિ બિલ્હણ વધસ્થાનના પગથીયા, એક પછી એક ચઢતો ગયો અને એક એક શ્લોક રચતો ગયો અને આમજ ચોરપંચાશીકા પુરી કરી. ભાવિ ભૂતને ભુલી માત્ર વર્તમાનની પળોનેજ રસિક બનાવતો ગયો. રૂડયાર્ડ કીપ્લીંગ, તેની 'If' કવિતામાં લખે છે તેમ,–'To Fill the unforgiving minute with sixty seconds worth of distance run;'–તે પણ આ વર્તમાનને ભોગવવાનુંજ તત્વજ્ઞાન શીખવે છે. આમ વર્તમાનની પળને, કલાકોને, દિનને, પૂર્ણ રસિકતાથી ભરી દેવા જોઇએ. રસ્કિન આથી જ તેના ટેબલ પર સાદો પત્થર રાખતો; જેની પર To-day–'આજ'–કોતરેલ હતું. કાલિદાસે ગાયેલ (bliss of growth and glory of action) 'વિકાસનો આનંદ ને કાર્યની ભવ્યતા' આજમાંજ સમાઇ છે. કાઉબોય ફિલ્સુફ વિલરોજર્સ આ જ ફિલ્સુફીને વધાવી લે છે. તેને કોઇકે પૂછયું કે તમને માત્ર અડતાલીસ કલાકજ જીવવા મળે તો તમે કેવી રીતે જીવો? તેણે જવાબ આપ્યો કે One at a time –'એક પછી એક કલાક'. પ્રશમતા આવી રીતે જ સુલભ થાય છે કારણ ભૂતભવિષ્યના ઉદ્વેગો વર્તમાનના સદુપયોગથી કપાય છે. માત્ર વર્તમાનજ ત્યાં તો જૈનોના ઋજુસુત્રનય પ્રમાણે સત્ય ગણાય છે. બિલ્હણ કે વિલરોજર્સે ગણ્યો તેમ.

બીજો નિયમ તે–Scale down the demands you are making on other people;—બીજાઓ પાસેથી જે આશાઓ રાખીએ છીએ, તે ઓછી કરી નાંખવી, પરાશ્રયી થતાં અટકવું તે છે. લોકસ્વભાવ કેટલી તુચ્છકોટિનો છે તે જાણ્યા પછી પરસ્પૃહા ઓછી કરવાનું મન સહજપણે થઇ આવે. જેની કલમે વોશિંગ્ટનની તલવાર જેટલી જ અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામમાં મદદ કરી છે તે વિલિયમ પેનને, લોકોએ પત્થરે પત્થરે મારી નાંખ્યો. માત્ર એકાદ તીડ કે એકાદ દેડકાની કથા રચી, બેબીલોન અને ગ્રીસને જીતી લેનાર ઇસપને, લોકોએ પર્વતનાં શિખરપરથી ધક્કો મારી મારી નાંખ્યો. સંતપુરૂષોના ઉપકાર ભુલી ગયા છે, પણ લોકો ક્રુરતા ભુલ્યા નથી. ધૂમકેતુ લખે છે કે વસ્તુ સ્થિતિને સંપૂર્ણપણે સમજવાની જેઓમાં શક્તિ નથી તેઓ ક્ષમા આપી શકતા નથી ને અદેખાઇ તે બીનઆવડતનો પ્રકાર છે. આવી ક્રોધ અને અદેખાઇથી જેઓ વ્યાપ્ત છે તે લોકો પાસેથી આશાઓ રાખી કોણ સુખી થયું છે? રોમારોલાં લખે છે કે કલાકાર પાસે તેની સર્જકપ્રતિભા કે આંતર આનંદ ન હોત તો લોકોના ત્રાસથી તે જીવી શકત નહિ. સોનેરી ઝીરીયા પંખી, અલાસ્કાથી પ્રશાંત ટાપુ સુધી અખંડ ઉડ્ડયન કરે છે, પણ રસ્તામાં દીવાદાંડીથી લોભાય તો તેનું મૃત્યુ થાય. લોકો પાસેથી કશુંક મેળવવાની જેને સ્પૃહા છે, તેની એ તેવી હાલત થાય ને જીવન સાધના દૂર રહી જાય.

ત્રીજો નિયમ એ છે કે "Keep your world from growing small".—પોતાની આંતરસૃષ્ટિને સાંકડી થતી અટકાવવી જોઇએ. જીવનના ગહનતમ સત્યનો દિવ્ય સ્પર્શ થવો જોઇએ. આવો સુધા-સ્પર્શ–Golden touch of deeper issues of life–હોય તોજ સંકીર્ણતા આવતી અટકે. પ્રાર્થના, સ્વાધ્યાય, ભલાઇથી માનસ સૃષ્ટિ સંકડાતી અટકશે. ફિલ્સુફીનો અભ્યાસ આમાં ઉપયોગી થઇ પડશે. જુદી જુદી વિદ્યાઓથી ફલિત સિદ્ધાંતોની, 'સામત્સ્યેન' કે 'સકલાદેશ'થી પરીક્ષણદ્વારા સંગતિ સાધવી, તે કળા ફિલ્સુફી છે. તેમાં પરોવાયેલ ચિત્ત ક્યારેય સંકડાશનું દુઃખ પામતું નથી. આજે આપણે તો કેવળ આંખોથી દેખાતા, કાનોથી સંભળાતા, નાના અમથા દૃશ્ય જગતમાં ખૂંચી પડયા છીએ. ફિલ્સુફી આપણને અનંત વિશ્વની અનિર્વાચ્ય શોભા બતાવે છે. ખાવા પીવાના વિષચક્રમાંથી બહાર ખેંચી લાવી, સનાતન સત્યોનું સંગીત ધરે છે. સૌએ પોતપોતાની રીતે માનસસૃષ્ટિની સંકડાશ ટાળવી ઘટે. શેણીના વિજાણંદને એકતારાનું ગીત સંકીર્ણતા અટકાવે. ઉમરખય્યામ ખગોળપંચાંગ લખવામાંથી તે હેતુ સિદ્ધ કરે. થેલ્સ, વિશ્વનું આદિ-કારણ જળ છે તે ચર્ચા કરતો હશે ત્યારે ય, સાચો હોય કે ન હોય તોય, સ્થૂલ વિશ્વથી ઘણે દૂર નીકળી ગયો હતો અને સંકડાશ અટકાવી હતી. આમ જુદી જુદી રીતે માનસસૃષ્ટિ વિસ્તરતી જશે. જેમ જેમ આ વિસ્તાર થતો જશે, તેમ તેમ અસ્તિત્વના

મૂળ સર્વમયતામાં ઉંડા ઉતરશે. ને સુખ ગાઢું થતું જશે. આ સર્વમયતા એટલે સુધી આવશે કે જલાલુદ્દીન રૂમી જેમ તેવો વિકાસ પામનાર ગાશે કે 'સૂર્યના તડકામાં રહેલ રજકણ હું છું, સૂર્યનો લાલ ગોળો પણ હું છું. સવારનું ધુમ્મસે હું છું ને સંધ્યાનો નિશ્વાસે હું છું.' I am the soul in all!

•

# સુખ વિષેનું કેળવણીકારનું દૃષ્ટિબિંદુ

કેળવણી તે વિકાસની રીત છે. સંસ્કૃતમાં કેળવણી માટે સંસ્કીયા શબ્દ છે. એટલે કે લાગણી, ટેવો, વિચારોમાં જે અવ્યવસ્થા હોય, તેને વ્યવસ્થિત કરવાની ક્રિયા. હિંદીમાં તે માટે તાલિમ શબ્દ છે. એજ્યુકેશન શબ્દનો અર્થ માત્ર બહાર દોરવું તેજ થાય છે. આ શબ્દની અસરતળે આવી આપણે શિક્ષણનો અર્થ માત્ર માહિતી આપવી તેજ લીધો. આ અર્થ અપૂર્ણ છે. કેળવણીનો પર્યાયશબ્દ વિનય છે. જેનો અર્થ માત્ર બહાર દોરવું તે નહિ પણ આગળ દોરવું તે થાય છે.

આમ આગળ દોરીને કેળવણી કયાં લઇ જાય? સોફિસ્ટોના પ્રોટેગોરસને પડકાર આપી સોક્રેટિસે કહ્યું કે "સુકેળવણીનું ધ્યેય વાક્જાળ નથી, શબ્દકપટ નથી, વિચારોની ભેદી રમત નથી, પણ 'સુંદર આત્મા છે'." કેળવણીકારનું સુખ વિષેનું દૃષ્ટિબિંદુ આમ આત્માની સુંદરતામાંજ રહ્યું છે. સુંદર આત્માનું લક્ષણ કોમળ હૃદયવૃત્તિ છે.

પણ આપણે જોઇશું કે વિદ્યાપીઠો, પુસ્તકો ને શિક્ષકોનો વિપૂલ સંચય છતાંય, સોક્રેટિસનો એ 'સુંદર આત્મા' આજે ક્યાંય નજરે પડતો નથી. આપણામાં આજે એકે એવો સંત ફ્રાન્સીસ નથી જે કહે કે આ ફુલો પણ મારા ભાંડુઓ છે. આજે આપણામાં એકે એવો તુકારામ નથી જે મોલપાક ચણવા આવતાં પંખીઓને ઉડાડવાને બદલે, પોતાના સ્વજન ગણે. આપણામાં એકે કુમારપાલ નથી જે પકવ ફુલોને પણ ડાળીપરથી ન પાડવાનું કહી શકે.

સુક્ષ્મ અહિંસાની આ વિકસીત સુંદરતા તો દૂર રહી પણ માત્ર માનવ સબંધોમાંય આજે ક્યાંય પરિપૂર્ણતાનો અંશ દેખાય છે?

કવિ વ્હીટમેન જેમ આજે કોણ કહી શકશે કે, 'when I see a wounded man, I do not ask him how he feels, I myself become a wounded man.' અર્થ: જ્યારે હું ઘાયલ મનુષ્યને મળું છું ત્યારે તેની શરીર સ્વસ્થતાની પૂછપરછ કરતો નથી. (પણ) હું પોતેજ તેના જેવો ઘાયલ બની જાઉં છું.

આવી કોમલ હૃદયવૃત્તિ માનવ સબંધના મર્યાદિત ક્ષેત્રમાંય કોણે ટકાવી રાખી છે? આજે સરકારો છુટ આપે તો જંગબારમાં જેમ હાથીદાંતની સાથે ગુલામોનો વેપાર થતો તેમ ઠેર ઠેર ફરી એ પ્રથા દાખલ થઇ જાય. જો આમ હોય તો પછી ઘેટાંના ચામડાની ટોપી પહેરતાં, મધ્ય એશિયાના કીરગીઝ લોકો કરતાં

આપણે વધુ કેળવણી લીધી કેમ કહેવાય? આપણો આત્મા વધુ સુંદર કેમ કહેવાય? વૈજ્ઞાનીક પ્રગતિ તે કાંઇ વિકાસ નથી. જેમ સવા ઇંચ જાડી ચામડી હોય તે કાંઇ હિપોપોટેમસની દેહ સુંદરતાનો પુરાવો નથી.

આત્માની આ સુંદરતા વધારવામાં ધર્મ પણ નિષ્ફળ ગયો. શેકસપીયરની લેડી મેકબેથ કહેતી કે "Little water will clear us of this deed."—"થોડુંક જળ આ હત્યારું કૃત્ય ધોઇ નાખશે." તેમ ચર્ચ અને ધર્મ મંદિરો પણ કહે છે કે "a little sprinkling of holy water will put to flight all your sins."—થોડુંક પવિત્ર જળ છાંટતાં તમામ પાપની વ્યથા ભાગી જશે. પાપીઓનું આ માનસ ધર્મે પોષ્યું. પરિણામે માનવે ધર્મનો સ્વાર્થી ઉપયોગ કર્યો, માનવ માનવ વચ્ચે વિચ્છેદ જગવવામાં, ધર્મ સહાયભૂત થયો. આ વિચ્છેદ ધર્મે એટલો બધો વધારી મુકયો કે રામાનુજાચાર્ય નાહ્યા પછી, શુદ્રના ખભા પર હાથ મુકીને જાય ને ખુલાસો કરે કે "મારું જાત્યભિમાન શુદ્ધ કરવા આમ કરું છું" તો ધાર્મિક વર્ગ એ મહાન રામાનુજાચાર્યને હસી કાઢે.

સમાજ અને રાષ્ટ્રમાં સોક્રેટિસના, કેળવણીના આદર્શરૂપ 'સુંદર આત્માઓ' કયારે જન્મશે? નિત્શેના એ મહામાનવો કયારે આવશે? અર્થશાસ્ત્રનો નિયમ છે કે supply is in proportion

to effective demand. સાચી–ઉત્કટ–માગણી હોય તે પ્રમાણમાં ઉત્પાદન થાય. જ્યારે સમાજમાં એવા સુંદર આત્માઓની ખૂબ જરૂરની માંગ ઉભી થશે, એવા સુંદર આત્માઓજ સુખનો એક માત્ર માર્ગ દેખાશે–effective demand થઇ પડશે–ત્યારે તેઓની હાજરી આપણી વચ્ચે આવી પડશે. કેળવણીકાર આવા સુંદર આત્માઓથીજ સમાજ સુખી બનશે તેમ માને છે.

# ધ્યાનપ્રાપ્ત નિષ્પ્રકમ્પતામાંથી સુખ

**ધ્યાન**, તે વસ્તુના રહસ્યની પ્રાપ્તિ માટેની અખંડ ચિત્ત-સાધના છે. અનેક વિષયગામીની જ્ઞાનધારા ધ્યાનમાં એક વિષયગામીની બને છે. જ્યારે એક ઇષ્ટ વસ્તુમાં ચિત્તવૃત્તિનું સ્થાપન થાય છે, ત્યારે ભૌતિક સૃષ્ટિનું માયા બળ લય પામે છે. આથીજ ધ્યાનને 'સર્વ લયકારી' કહેવામાં આવ્યું છે. આવા ધ્યાનથી ચિત્તમાં-આત્મામાં નિષ્પ્રકમ્પતા આવે છે. તેમાં યોગીનું, કે સમાધિનિષ્ઠનું સુખ છે.

જ્યાં ક્યાંઈક શોધવાનું છે ત્યાં ધ્યાન સહજ પ્રાપ્ત છે. હિંદિ શિલ્પી, કહેવાય છે કે, પત્થરને આકાર નથી આપતો પણ પત્થરમાં આકાર શોધે છે. તેથીજ તેની કલાસાધના, અખંડ ધ્યાનરૂપ બની જાય છે. ફ્રેંન્ચ વૈજ્ઞાનીક લુઇ પાસ્ચરને દુધ શાથી ખાટું થાય છે કે શેતુરના વાવેતર ઉજ્જડ કેમ થાય છે તે શોધવાનું હતું. આથીજ હડકાયા કુતરાની કરોડરજ્જુ ચુંથવા જેવી

ક્રિયા કરતાંય તે ધ્યાન મગ્ન થઈ જતો. રહસ્ય પ્રાપ્તિ માટેની માનસિક એકાગ્રતા તે ધ્યાન લઇએ તો લુઈ પાસ્ચર ધ્યાની હતો. શેખ સાદિ 'ગુલિસ્તાંમાં' લખે છે કે 'જો શીકાર પોતે જ ચાલીને આપણી જાળમાં સ્વયંપ્રવેશ કરશે–પોતાની મેળેજ સામો જાળમાં દોડી આવશે–તો આપણા હાથપગ કરોળીયાની જેમ દોરડી જેવા પાતળા થઈ જશે, નિર્વીર્ય બની જશે!' એવીજ રીતે ધ્યાનના આંતરપુરૂષાર્થ વિનાજ, રહસ્યની શોધ વિનાજ, રહસ્યો સ્વયં સ્ફુટ થતાં જણાશે તો, ગુરૂકૃપા ને ઇશ્વરની કરૂણા પર નિર્ભર એવાં લુલાં અપંગ આપણે બની જશું. પછી તો આપણો ધર્મ કેવળ ઇંટચુનાના મંદિરો–સ્તૂપો બનાવવા પુરતો જ રહેશે. ધર્મરહસ્ય માટેનો આંતર-પુરૂષાર્થ કઠિન લાગશે. ત્રિપીટકો પર રાજા કનિષ્ક ધ્યાન ન કરી શક્યો તેથીજ પુશ્કલાવતીમાં (પેશાવરમાં) શાહજીદેરી પાસે રત્નજડિત સ્તૂપો રચ્યાં ને બાહ્ય ધર્મમાંજ રાચી રહ્યો! ધ્યાનથી પ્રાપ્ત રહસ્યો વિના ધર્મ કેવળ સ્થૂલ જીવન-વ્યાપારજ બની જાય. રજપૂતાણી મીરાંએ, એ રહસ્ય માટે ધ્યાનનો શુદ્ધ પુરૂષાર્થ સેવ્યો ને આથીજ તે મીરાએ હવામાં ડુસકાજ નતા ભર્યાં પણ અશ્રુદ્વારા સત્યની મહાઘોષણા કરી હતી.

જુદા જુદા ધર્મોની જુદી જુદી ક્રિયાઓ પાછળ, આ ધ્યાનની મહત્તાજ ગુંજી રહી છે. જેમ જુદા જુદા અંગના હાડમાંસ જુદા જુદા હોય, પણ તેમાં ફરતું લોહી એક જ છે;

તેમ ભિન્ન ભિન્ન દેશકાળના અનેકવિધ સંતોની જીવન ક્રિયા પાછળ, આ ધ્યાનનુંજ તેજ પથરાયું છે. બહારની દુનિયાંમાં જેમ ઇંદ્રિયોની વિષય પ્રવૃત્તિ સ્વાભાવિક છે તેમ આંતરલોકમાં ધ્યાનપ્રવૃત્તિ સ્વાભાવિક છે. અંતર્મુખ મનુષ્યના હવા, પ્રકાશ ને આહાર ધ્યાનજ બની જાય છે. બહિર્મુખ મનુષ્યોથી આથીજ તેઓ ભિન્ન છે. વૈયાકરણી પાણિની જેઓને 'આયુધજીવી' કહે છે તેવા ધનુષ્યને કુતરાઓ લઇ ભમતા ઉચ્છૃંખલ લિચ્છવી કુમારોમાં, ધ્યાનની કોઇ સંભાવના નથી; પણ વાદકળાના મર્મ જેવા વિષય પર પણ દ્વાત્રિંશીકાઓ રચનાર સિદ્ધસેન દિવાકરનો પ્રત્યેક વિચાર, ઉચ્ચાર ને આચાર ધ્યાન લોકમાંથી અવતરતો હશે. માંડુની રૂપાળી રૂપમતી કે અકબરને હરાવનાર અહમદનગરની ચાંદબીબીથી અશોકની સંઘમિત્રા ભિન્ન હોય તો એકજ વસ્તુથી કે તે શુદ્ધ આત્મતત્ત્વના ધ્યાનમાં હતી–ભિક્ષુણી હતી. સંસારીને યોગી વચ્ચેનો એજ એક માત્ર ભેદ છે.

પાપની આકરી ભૂમિ પર આળોટી આપણાં અંગ ભાંગી ગયા છે. મોહની ધ્વજા રૂપી એકજ ફાટેલ વસ્ત્ર છે. ને ભાંગેલ ઠીકરૂં લઇ આપણે ભમ્યા કરીએ છીએ. તો પછી ધ્યાન આપણને કેમ પ્રાપ્ત થાય?

આદિજંતુ એમઓબાને આહારવિહાર ને નિહાર માટે એકજ અંગ મળ્યું છે. તેમ આપણે પણ સારાનરસા કાર્યમાં

એકજ મનનો ઉપયોગ કરીએ છીએ. નાટ્યગૃહ અને ધ્યાન-મંદિરમાં એકજ મનને લઈ જઇએ છીએ. રમણ મહર્ષિ કહે છે કે, 'મનનો નાશ કરો. અંહકારાદિ વિચાર સમુદાયરૂપ મનનો નાશ કરો–પછીજ આત્મા મળશે!' વિષયસંલગ્ન ચિત્ત નાશ પામે છે ત્યારે ધ્યાનની ક્રિયા શરૂ થાય છે. પછી જીવનની નવી નવી ઉંચાઇ પ્રાપ્ત થાય છે. ને જીવદયામાંથી અહિંસામાં, દાનમાંથી ત્યાગમાં, કાયાક્લેશમાંથી તપમાં, ભોગમાંથી પ્રેમમાં જવાય છે. ધ્યાનજ આવી અચળ મનઃશક્તિ ને નિષ્પ્રકમ્પતા આપે છે. તેનું સુખ તે યોગની પ્રસાદીરૂપ છે, દુર્લભ છે.

# સૈનિકો અને સુખ

પ્રાચીન કાળમાં દેવદૂતો સુખના લાવનાર ગણાતા. આજે તે સ્થાન સૈનિકોએ લીધું છે. આ જ વસ્તુ બતાવે છે કે માનવજાત કેટલી કક્ષાએ ભયગ્રસ્ત છે. સૈનિકો પર આટલો બધો આધાર સુખ માટે ક્યારેય દુનિયાએ રાખ્યો નથી. જો કે સૈનિકોની અવગણના, માનવીના જીવનક્ષેત્રમાં ક્યારેય થઈ નથી; સૈનિકો હમેશા પૂજાતા જ આવ્યા છે. સ્પાર્ટન લોકો, તંદુરસ્ત બાળકને જ જીવવા દેતા, ને તે બાળકોનો સાત વર્ષની વયથી જ, માત્ર સૈનિક બનવાના જીવન ધ્યેય ને અનુલક્ષી, દૈનિક ક્રમ શરૂ થતો. નિત્શે જેવો ઉચ્ચ કોટિનો તત્ત્વ-વેત્તા પણ કહેતો કે પુરૂષો લડવા માટે હોય ને સ્ત્રી સૈનિક પેદા કરવા. પણ 'All quiet on the Western Front' નવલકથાનાં યુદ્ધ દૃશ્યો વાંચશું ત્યારે આધુનિક વિશ્વ જેટલી યુદ્ધપ્રિયતા ક્યારેય ન હતી, આટલું બધું સંહારમાં સુખ ક્યારેય વિશ્વમાં નતું શોધાતું

તે લાગ્યા વિના નહિ રહે. જાગ્રત હૃદયે જો તે નવલકથા વંચાય તો શાંકારણ જીવતું નરક લાગ્યા વિના નહિ રહે. તે નવલકથાનું વર્ણન તો જુઓ! કોઇના કપાળ કુટવાનો અવાજ આવતો હોય–સ્હેજ આગળ વધીએ તો મૃત સૈનિકના ચીરાયેલ પેટમાં પગ ભંરાઇ જાય છે. નર્સો, દરદી જલ્દી મરે તો બીજા માટે પથારીની સગવડ થાય, તેનીજ ચિંતામાં હોય. સાથી સૈનિકો એટલા તો જડ થઇ ગયા હોય કે મરતા સૈનિકના ચળકતા બુટ લઇ લેવામાંજ તેમની નજર હોય. કેટલું વેદનાપૂર્ણ દૃશ્ય! મરણ સ્વયં ખરાબ નથી. ઉપનિષદનો ભાષાંતરકાર દારા શૂળી પર ચઢતાં ચઢતાં સંત સર્મદશાહનાં ગીત ગાતો. આ મરણ કેટલું ભવ્ય ને ગૌરવવંત હતું! પણ યુદ્ધમાં આવી રીતે મરવું, જંગલી-પશુ જેમ પારધીઓના બાણુથી છેદાવું ભેદાવવું! ને શા માટે આટલાં મરણ? માત્ર મુઠ્ઠીભર લોકોના સ્વાર્થી સુખ માટે. માત્ર તેલસમ્રાટ ડીટરડીંગ જેવા યુધ્ધથી સુખી થાય! કારણ યુધ્ધમાં લોહી જેટલી તેલનીયે જરૂર પડે.

પણ સૈનિક વિના સુખ શકય છે તે કોણ જગતને જણાવશે? કપાયેલ મસ્તકો અને સૈનિકોના ભાલાઓથી નાના બાળકના મોં પર સ્વભાવિકપણે પ્રસરતાં સ્મિત જેવું નિર્દોષ સુખ શું આપણને મળશે? આના જવાબ માટે જગતે યુરોપના વાયવ્ય ખુણે આવેલ આઇસલેન્ડ તરફ દૃષ્ટિ કરવી. એસ્કીમોના એ પ્રદેશમાં કોઇ સૈનિ

નથી. છતાંય આઠ આઠ વર્ષથી એકપણ ખૂન કે ચોરી ત્યાં થઇ નથી. પણ આત્મહીન લોખંડી પુરૂષો તો રક્તની દુગંધ પર જ જીવે છે. સ્વાર્થાંધતા રક્તનેય વિજયનું અબીલગુલાલ મનાવે છે.

સૈનિકોના બલિદાનરૂપ આટઆટલી શષ્ટ્રસંપત્તિનો વ્યય છતાંય, સુખની સ્હેજ ઝાંખી પણ દૂર પડી છે. કારણ કોન્ફ્યુસીયસે કહ્યું તેમ "મોટું ગાડું ધુસરી વિના ન ચાલે તેમ સત્ય વિના આગળ કેમ વધાય?" આપણે સત્યના પક્ષમાં છીએ? આપણે તો અસત્યને જ વળગ્યા છીએ, તેથી અનેકોના જીવનબલિદાન છતાંય સુખ દૂર રહ્યું છે. એટલા બધા આપણે અસત્યને વળગ્યા છીએ કે સત્ય તરફ વળવાનો સ્હેજ પ્રયત્ન થાય તો તે મહાન ભયરૂપ ગણી કાઢી તેનો કર સામનો કરીએ છીએ. આથી જ તો કોપરનીકસને પોતાના 'Revolutionary bodies in heaven' નામના પુસ્તકને અગ્યાર ચીંથરા ઉપરાઉપરી વીંટાળી ખાટલા નીચે સંતાડી રાખવું પડતું. લોભ, દ્વેષ વિ. અસત્યો એટલાં બધાં પ્રિય થઇ પડ્યાં કે ઇતિહાસમાં હેનીબાલના ગુણગાન આવે પણ ઘા રૂઝાવનાર સુશ્રુત કે ગ્રીકવૈદ્ય હીપોક્રીટીસ કોણ તેનીયે ખબર ન રહે. દુર્વૃત્તિઓની જેમ આખરે યુદ્ધ જ સત્ય થઇ પડ્યું, શાંતિ અસત્ય થઇ પડી.

આજ તો આપણે બધા જ (Boys town) બોયઝ ટાઉન ફિલ્મમાં આવતા ઉદ્ધત ખૂની છોકરા Eddie—એડી જેવાં છીએ.

નાદાન બાળક એડીના સુખનો આધાર કરુણાવંત પાદરી ફાધર ફ્લેનેગન જ છે. સૈનિક નહિ પણ ફાધર ફ્લેનેગન જ આપણને સુખ લાવી દેશે. ફ્લેનેગન મહાન હતા. અતિ મહાન. કારણ માનવ એ તો કલુષિત સ્રોત છે. મલિન થયા વગર તેને આવકારવા માટે મહાન સમુદ્ર થવું પડે. અરવિંદ ઘોષ ઇશોપનિષદમાં જેને 'જન્મમૃત્યુના સિદ્ધાંતથી પર રહેલ સુક્ષ્મ શક્તિ' (a subtle force that exists beyond the principle of life and death) કહે છે તેવી શક્તિ પ્રાપ્ત થવી જોઇશે. એ પ્રાપ્ત થાય પછી જ માનવ સબંધમાં પૂર્ણતા શકય છે.

ધર્માચાર દ્વારા તેવું Subtle force સુક્ષ્મબળ પ્રાપ્ત થશે. અને કલુષિતસ્રોતને આવકારવા સમુદ્ર થવાશે. ધર્માચાર તે સહજાનન્દસ્વામી કહેતા તેમ "ઘૂમટો કાઢી ચાલવું અને લાલ કપડું દેખાય તો અપવાસ કરવો" એવા કડક નિયમમાં જ નથી. એ તો સહજપણે લબ્ધ છે. એક ક્ષણે આપણે વિચાર કરીએ કે ધર્માચાર પ્રાપ્ત કરવો છે ને બીજી ક્ષણે તે આપણા હાથમાં આવી જાય. કોન્ફ્યુસીયસ આ જ કહે છે કે ધર્માચાર એ શું કાંઇ દૂરની વસ્તુ છે? જુઓ મેં વિચાર કર્યો કે મારે ધર્માચારી થવું છે ને બીજી ક્ષણે તો હું ધર્માચારી થઇ ગયો. આવા ધર્માચારીને વિશ્વ એક અખંડ ઘર જેવું લાગશે. પ્રાપ્ત જીવન રહસ્ય ને કરૂણાથી આવા મહાનસમુદ્રો કરોડોને સુખ લાવી

દેશે. ધર્માચારથી વિશ્વ-પિતા બનેલ મહાત્માઓ તેમની હુંફમાં, લોકોને પ્રેમાળ બંધુભાવનું શિક્ષણ આપી શકશે. સૈનિકો આ નહિ જ કરી શકે તેથી સુખ માટે સૈનિક પાસે હાથ લંબાવવો તે વ્યર્થ છે.

# આત્મવિચારણામાં સુખ

એચ. જી. વેલ્સે ચંદ્રલોકના પ્રાણીઓનું વર્ણન કરતાં લખ્યું છે કે તેઓને કાનની જગ્યાએ આંખ હતી, હોઠ ઉભા હતા ને તેમના પગ છ ફૂટ લાંબા હતા. આત્મવિચારણા કરનાર યોગીઓ વિષેનો ખ્યાલ પણ આપણો કાંઈક આવો જ વિચિત્ર છે. કોઈ વિચિત્ર સૃષ્ટિના વિચિત્ર પ્રાણી તેઓ નહોય! આનું કારણ એ છે કે તેઓની આત્મવિચારણા અગમ્યજ રહી છે. પણ તેઓના લખેલ ભજનોનો અભ્યાસ કરશું ત્યારે તેઓની આત્મવિચારણા ને તેથી તેઓએ પ્રાપ્ત કરેલ સુખની ઝાંખી થશે.

પ્રત્યેક યુગને પોતાના સ્થૂલ વિચારો વ્યક્ત કરવાનું સ્વતંત્ર સાધન હોય છે. સુવર્ણયુગના ગ્રીસમાં સ્થાપત્ય હતું. મધ્યયુગના ઇટલિમાં ચિત્રકળા હતી. પછીના સંસ્કારયુગમાં સાહિત્ય અને સંશોધન યુગમાં સિનેમા છે. બાહ્ય વિચારણાઓ વ્યક્ત થવા માટે

જુદા જુદા દેશકાળમાં જુદા જુદા સાધનો છે પણ આત્મવિચારણા તો સર્વકાળે સર્વ દેશમાં એકજ સાધનદ્વારા વ્યક્ત થઇ છે. તે સાધન છે આધ્યાત્મિક પદો. આવા પદોના અભ્યાસમાંથી યોગીઓની આત્મવિચારણા પ્રત્યક્ષ થાય છે. યોગીઓનું સ્વાધીન સુખ પણ તે પદોમાંથી નિરંતર નિર્ઝરતું હોય છે.

સ્થૂલ વિચારણાઓ આપણને જુદા જુદા પૂજાસ્થાનો ને જુદા જુદા આરાધ્ય તત્ત્વો તરફ લઇ જાય છે. જાપાનમાં ફ્યુજીયામા ને રશિયામાં ક્રેમલીન સુધી, સ્થૂલ વિચારણા ખેંચી લાવી. આવાં અસંખ્ય પૂજાસ્થાનો સ્થૂલ વિચારણાએ ઉભાં કર્યાં છે. પણ આત્મવિચારણા તો કેવળ એક જ આરાધ્ય તત્ત્વ–પૂજાસ્થાન–જાણે છે. દારા શિકોહ પોતાના ઉપનિષદના ભાષાંતરના આરંભમાં જેની સ્તુતિ કરે છે તે 'One who is nameless but who responds to all names, and one who is changeless among the changing multiplicity' તત્ત્વને, પૂજનીય માને છે. ટેનિસનની 'Sage' કવિતાના nameless and changeless તત્વને આત્મ વિચારણા પૂજાસ્થાન રૂપ માને છે. તે તત્ત્વ નામરૂપથી ભિન્ન, મૃત્યુંજય છે. તે આત્મ વિચારણાનું આરાધ્યતત્ત્વ સર્વ દેશકાળે આ એકજ છે. આથીજ તેમાંથી મળતો આનંદ અખંડ છે.

અથર્વવેદમાં સત્યયુગ એટલે 'અગ્રસર થઇ ચાલવું.' એમ કહ્યું છે. આ 'ચાલવું' એટલે આત્મવિચારણા કરવી તેજ હોઇ

શકે. આ સિવાયનો ચાલવાનો બીજો કોઇપણ અર્થ કેવળ સંસારની ધાંધલ પ્રવૃત્તિ જ હોઇ શકે. પ્રત્યેક આધ્યાત્મિક કાર્ય, તેનું બળ આ આત્મવિચારણામાંથીજ મેળવે છે. તેવી વિચારણા વિનાનું આધ્યાત્મિક કાર્ય ચંદ્રની જ્યોત્સના વિનાની રાત જેવું બિહામણું થઇ પડે. આવી આત્મવિચારણા વિના અટલ ધ્યાનને બદલે હિમાલયે હાડ ગાળ્યાં અને પ્રેમ સેવાના પ્રવાહને બદલે ગંગામાં ડૂબ્યા. લૂંટ કરવા જતાં લુંટારાના જેવોજ જુસ્સો ત્યાગસંયમમાં જોઇએ; પણ આત્મવિચારણા વિના તેવો જુસ્સો કયાંથી પ્રાપ્ત થશે?

સ્થૂલમાંથી સુક્ષ્મ વિચારણામાં જેમ જેમ આપણે ઉંડા ઉતરશું તેમ તેમ આપણું આરાધ્ય તત્ત્વ વધુ ને વધુ સુંદર ને આનંદદાયક બનશે. તિબેટના લોકો કેવળ સ્થૂલ વિચારક હતા, તેથીજ ભૂતના ઉપદ્રવથી બચવા માટે પાળિયા બાંધવામાંજ તેઓ કર્તવ્ય ધર્મ સમજતાં. એકાદ ઠોકર વાગે તો ભૂત સતાવે છે માની, તેનાથી છુટવા પાળિયું રચી દે. પણ અરબસ્તાનના લોકો સુક્ષ્મવિચારક હતા, તેમનું આરાધ્યતત્ત્વ ભૂતના પાળિયા નહિ પણ મધુર કવિતા હતી. જિબ્રાનના એક ભકતે લખેલ તેમ અરબસ્તાનમાં ખજુર જેમ જ કવિતા એક જીવન-પદાર્થ મનાતો. આ જ વિચારણા હજુ ખૂબ સુક્ષ્મ થાય તો આરાધ્ય તત્વ પાળિયા કે કવિતા, કરતાંય વધુ સુંદર ને સુખકારક હોય. બાર બાર વર્ષ સુધી ઓરફલીસ શહેરમાં અલમુસ્તફાએ જે નાવડીની રાહ જોઇ તેજ આરાધ્યતત્ત્વ આત્મ વિચારણામાં બની જાય.

અહિંયા પ્રશ્ન એ થાય કે જો બધા જ આત્મ વિચારણામાં લયલીન બને તો પછી જગતનું શું થાય? અબુલફજલ કાશ્મિરના મંદિરની ભીંતપર કોતરેલ પોતાની એક કવિતામાં વર્ણવે છે તેમ, 'બધાજ ગુલાબપાંદડીની રજ સંગ્રહનાર થાય' તો પછી દુનિયાની–રોજની જીવતી જાગતી દુનિયાની કોણ સંભાળ લે? પણ ખરું જોતાં જેમ જેમ આત્મવિચારણા ઉંડી ઉતરતી જાય છે તેમ તેમ કરૂણાના ધોધનું જળ અનેકઘણું વિસ્તૃત થાય છે. પ્રભાત–સૂર્યને તેની લાલાશ હોય છે તેમ આત્મવિચારક ને તેની કરૂણા હોય છે. આથીજ અથર્વવેદમાં, (૧૬, ૬, ૧૪) કહ્યું છે કે शमया मोहं यदिह घोरं यदिह क्रूरं यदिह पापं तच्छान्तं सर्वमेव शमस्तुन: અર્થ; જગતમાં જે કાંઇ અઘોર છે, જે કાંઇ ક્રૂર છે, પાપ છે તે બધું અમારી તપસ્યાથી શાન્ત થાવ. આવું કહેનાર કરૂણાપૂર્ણ ઋષિઓ સંપૂર્ણપણે આત્મવિચારક હતા. કોકે તે ઋષીઓને તેમનું નામઠામ પૂછયું હોત તો એકજ શબ્દમાં તેઓ કહેત 'અમે જે કાંઇ છીએ તે આત્મ વિચારક છીએ'! આમ માનવતાનું પરમ સુખ ને સર્વ આન્તરિક સુખ આત્મ વિચારણામાં જ પ્રારંભે, નભે ને વિસ્તરે.

# જીવનોપયોગી આત્મબોધથી સુખ

## રમણ મહર્ષિનું "To Be"

## અને " Be Still "

**આ**પણી અને કબીરની ઇશ્વર-વિષેની કલ્પનામાં કેટલો મોટો ભેદ છે! કબીરની કલ્પના જુઓ. કોઇકે ઇશ્વરપ્રાપ્તિનો માર્ગ પૂછયો ત્યારે તેણે કહ્યું કે "દૂર હૈ તો પંથભી આહિ. દૂર નહિ તો પંથભી નાહિ." દૂરત્વ ઇશ્વરથી છેજ કયાં કે હું માર્ગ બતાઉં? આપણા ને કબીરના ઇશ્વરમાં કેટલો તફાવત છે. આપણી ઇશ્વરકલ્પના વિકૃત છે. હાસ્યાસ્પદ છે કારણ પરમરહસ્યપ્રાપ્તિ માટે અંદર ઉંડે જવા આપણે પ્રયત્નજ કર્યો નથી. જે સાચા દિલથી વ્યાકૂલપણે ઇશ્વરને શોધે છે તેને ઇશ્વર સહજ પ્રાપ્ત થાય છે એમ રામકૃષ્ણ કહેતા.

જેમ્સવોટ માત્ર ચાહાની-કીટલી-નું ઢાંકણું ઉઘાડવાસ કરતો હતો. તેની પાસે બેઠેલ દાદીમાને શી ખબર હતી કે સ્ટીમ એન્જીન

તે શોધી રહ્યો છે! પણ વોટ કંઇક શોધવા ખરેખર માગતોજ હતો. તે માટેના તેના વીરતાભર્યાં સાચદિલના પ્રયત્નો હતા તેથી ચાદાનીએ ય તેને અમૂલ્ય વસ્તુ આપી. રૂથરફોર્ડે માત્ર સુક્ષ્મ નજીવા ગણાતા અણુમાય, minute planatenary system નાની સૂર્યમાળાનું દર્શન કર્યું. અણુમાંથીયે તેણે 'મહાન દર્શન' મેળવ્યું. સાચા શોધકને સિદ્ધિ સરળ જ છે. તો પછી ઇશ્વર વિષેની–જગતના શ્રેષ્ઠ, સૌંદર્યવંત પદાર્થમાંની શોધમાંથી આપણે કેવળ વિકૃત હાસ્યાસ્પદ કલ્પનાઓ સિવાય બીજું કાંઇ ન મેળવીએ તે કેમ ચાલે?

ઇશ્વર સાધનાને સફળ બનાવવા રમણ મહર્ષિએ જે બે શબ્દો કહ્યા તે વિચારવા ઘટે.

આ બે શબ્દો છે, "To Be" અને "Be Still;" અર્થ– "થવું"–આપણું સાચું સ્વરૂપ બનવું–અને શાન્ત સ્થિરતા મેળવવી. એક સાધ્ય બીજું સાધન. રામકૃષ્ણ Be Still શાન્ત થયા હતા. આથીજ જ્યારે મથુરબાબુએ તેમને દોઢ હજાર રૂપિયાની શાલ આપી ત્યારે રામકૃષ્ણે એજ વિચાર્યું કે આ શાલ પહેરીશ તો ,'અરે તમે બધા આઘા ખસો મારી શાલ બગડશે"! એમ અહંકાર ઉત્પન્ન થશે. તરતજ શાલ તેમણે ગરીબને આપી દીધી. ગાયકવાડ ભલે ને હાથીપર તેમની સ્વારી કાઢે પણ સહજાનન્દ સ્વામી તો ડોશીએ કાંતેલ દોઢ હાથનો સુતરનો કટકોજ પહેરતા. જેમ જેમ

આવી ત્યાગવૃત્તિ સહજપણે ફૂલશે-ફાલશે તેમ તેમ Be Still શાન્ત થવાની વિકાસ રીત પ્રત્યક્ષ થતી જશે. પણ એવી ત્યાગ-વૃત્તિ પાછળ કેવળ શુષ્ક કઠોરતાજ ન હોય. પરાજીત યુધીષ્ઠિરે કૃષ્ણ પર ક્રોધ પામેલ રાણીને કહેલ કે "આ હિમાલય જો. તેઓ મને કાંઇ આપતા નથી છતાંય હું તેમને ચાહું છું કારણ જે કાંઇ ભવ્ય ઉદાત્ત છે તેને ચાહવું તે મારો સ્વભાવ છે. ઇશ્વરને હું આથીજ ચાહું છું." આમ ત્યાગવૃત્તિને સંયમ પાછળ પરમાત્માની મોહનીજ કામ કરતી હોય છે. તેથીજ ત્યાગવૃત્તિનું સહજસૌંદર્ય પ્રાપ્ત થાય છે. આમ Be Still થતા જઇ To Be શુધ્ધ ચેતન થવું–મૂળ સ્વભાવ મેળવવો એજ સર્વ તત્વ-જ્ઞાનનો સાર છે. જગતની આદિ અનાદિતા, તેનો હેતુ એ બધાની બૌધિક ચર્ચાના કરતાં તત્વજ્ઞાનનું જીવનોપયોગી સ્વરૂપ તો રમણ મહર્ષિના ઉપલા બે શબ્દોમાંજ છે. સર્વ ધર્મો, સર્વ તત્વજ્ઞાન, સર્વ નીતિનિયમો તે બેજ શબ્દોમાં સમાયા છે. To Be અને Be Still "થવું" અને "સ્થિરતા". આ આત્મબોધ જેમ જેમ જીવનમાં ઉતરે તેમ તેમ આનંદ વધશે.

# માનવપ્રકૃતિનો ઊંડો અભ્યાસ ને સુખ

**મા**નવ પ્રકૃતિઓનો અભ્યાસ ખૂબ રસદાયક થઇ પડે છે. કેટકેટલી ભિન્ન માનવ પ્રકૃતિઓ છે! પ્રત્યેકમાંય કેટકેટલી અવનવી વિશિષ્ટતાઓ છે! એક બાજુ કુતુબુદ્દીન જુઓ. નાડાઇ નામના વિદ્યાધામમાં બૌદ્ધોની ને વિદ્વાનોની તેણે એવી તો કતલ ચલાવી કે એક પણ ચોપડી વાંચી શકે તેવો સુશિક્ષિત મનુષ્ય જીવતો ન રહી શક્યો. માનવપ્રકૃતિના ઘોર અંધકારમય છેડે કુતુબુદ્દિન છે. જ્યારે બીજે–છેડે–જ્યોતિંમય ચૈતન્યપ્રભુ છે, નરહરી 'ગૌરચન્દ્રિકા'માં તેમના માટે લખે છે તેમ તેઓ જ્યારે જ્યારે નિશ્વાસ નાખી ફુલો સામે ચીરકાળ જોઇ રહે છે, ત્યારે તે ફુલો તેમને પ્રેમપૂર્ણ શધારૂપેજ દેખાય છે. એક મોહાંધ અને બીજો પ્રજ્ઞાચક્ષુવાન એમ બે જ માનવ પ્રકૃતિના મુખ્ય ભાગ પાડી શકાય. હેમચંદ્રાચાર્યના શબ્દોમાં કહીએ તો પહેલા વર્ગના મનુષ્યોના કાન યોગ રૂપી શબ્દ શલાકાથી વીંધાયા નથી. જ્યારે બીજો વર્ગ, યોગ આચરી

ગીતાની ભાષામાં, સમત્વ પ્રાપ્ત કરીને યુદ્ધ કરે છે. (समत्वं प्राप्य युध्यस्व ।).

આ બંને વર્ગની માનવ પ્રકૃતિઓમાં અનેક પ્રકારની વિશિષ્ટતાઓ છે. તે અભ્યાસ ખૂબ રસમય બોધ આપી શકે. અરવિંદ ઘોષ પાંચ વર્ષની નાની ઉમરથી ખ્રીસ્તી કોન્વેન્ટ સ્કુલમાં જોડાયા ને અગ્યાર વર્ષની નાની ઉમરથીજ માન્ચેસ્ટરના ઇંગ્લીશ કુટુંબમાં રહેતા, છતાંય તેઓ આર્યસંસ્કૃતિના જ્યોતિર્ધર થયા. એ પણ માનવપ્રકૃતિની અકળતા પર કેવો નવો પ્રકાશ ફેંકે છે. મુસોલીની ઇટાલિનો બહાદુર સરમુખત્યાર ગણાતો પણ ચાંદનીનો પ્રકાશ મોં પર પડે તો તે ઉંઘી શકતો નહિ. માનવ પ્રકૃતિની એ પણ કેવી વિશિષ્ટતા? અરવિંદ ને મુસોલીની તો જુદા જુદા માર્ગના આરાધક એટલે બંનેમાં ઘણી વિશિષ્ઠતાઓ હોય. પણ એક જ માર્ગના આરાધકોની પ્રકૃતિમાંયે કેવી કેવી વિચિત્રતાઓ છે? દયાનંદ ને રામકૃષ્ણ લ્યો. દયાનંદે પુસ્તકમાંથી નાડીચક્રોનું વર્ણન વાંચ્યું પણ એને સત્ય ન માની લીધું. ગંગાનદી પર જઇ મડદાં ચીરી નાડીચક્રોના વર્ણન સાચાં છે કે ખોટાં તે પુરવાર કર્યાં. જ્યારે રામકૃષ્ણ જ્ઞાનની એવી ભાંજગડમાં પડતાજ નહિ. બે ત્રણ વાર 'નિરાકાર' 'નિરાકાર' એમ શબ્દ બોલે અને સમાધિ ચઢી જતી. માનવપ્રકૃતિનો, આમ વાસ્તવિક જીવનની કર્મભૂમિમાંથી, મહાપુરૂષોના જીવનચરિતમાંથી, જગતમાંથી, living practical psychology—જીવંત માનસશાસ્ત્ર-રૂપે–ઉંડો અભ્યાસ થાય તો ખૂબ આનંદમય જ્ઞાનસાધના થઇ પડે.